પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા થી પ્રગટ થતું દૈનિક

# પંચમહાલ સમાચાર

વર્ષ : ૨૬ ● અંક : ૭૯ ● કુલ પાના : ૪ ● તારીખ : ૨૪-૧૧-૨૦૨૨ ગુરૂવાર ● કિંમત રૂા.૧.૫૦/-

આદ્યસ્થાપક : સ્વ.અજય કાંતિલાલ પંચાલ

EDITOR, PRINTER PUBLISHER & OWNER : KARAN AJAYKUMAR PANCHAL, PUBLISHED FROM : BANDIBAR NO KHANCHO, TALAV ROAD, GODHRA, DIST. PANCHMAHAL (GUJARAT)

RNI NO:- 67073/97 9712880678 panchmahalsamachar@gmail.com panchmahalsamachar panchmahalsamachar www.panchmahalsamachar.com

પંચમહાલ સમાચારના વોટ્સએપ ગૃપમાં જોડાવવા માટે Hi લખી મેસેજ કરો. મો.૯૦૫૪૪ ૨૫૧૦૦

જેલમાં 'આમ આદમી'નું ખાસ ભોજન!

## મસાજની મજા બાદ જેલમાં જલસાનો બીજો વીડિયો આવ્યો સામે, જોવા મળ્યા આ હાલતમાં!!

નવીદિલ્હી,

ગુજરાતમાં વિધાનસભા ચૂંટણીને કારણે ગુજરાતમાં હાલ રાજકીય ગરમાવો છે. ત્યારે કેજરીવાલની સરકારના પૂર્વ મંત્રીના એક બાદ એક જેલમાં જલસાના વીડિયો સામે આવતો ચૂંટણીમાં ગરમાવો વધી ગયો છે. દિલ્હીના આમ આદમી પાર્ટીના પૂર્વ મંત્રી અને કેજરીવાલના એક સમયના મિત્ર કહેવાતા સત્યેન્દ્ર જૈન હાલ જેલમાં છે. દિલ્હીની તિહાડ જેલમાં તેઓ સજા કાપી રહ્યાં છે પણ જેલમાં ઠાઠમાઠ તો જુઓ. જેલમાં પહેલાં મસાજ અને ત્યાર બાદ શાહી ભોજનનો સ્વાદ માણતા જોવા મળ્યાં સત્યેન્દ્ર જૈન. જેલમાં મસાજની મજા માણતા કેજરીવાલના મંત્રીનો પહેલાં વીડિયો વાયરલ થયો હતો. ત્યાર બાદ હવે જેલમાં શાહી ભોજનનો સ્વાદ માણસો વીડિયો સામે



આવતા હડકંપ મચી હયો છે. જ્યાં બીજા કેદીઓ જેલમાં સજા કાપી રહ્યાં છે. ત્યાં આમ આદમી પાર્ટીના પૂર્વ મંત્રી સત્યેન્દ્ર જૈન જેલમાં બેસીને જલસા કરે છે. તિહાડ જેલમાં તેમને વીવીઆઈપી ટ્રીટમેન્ટ મળતી હોવાના ઘણાં પુરાવા સામે આવ્યાં છે. મહત્વનું છે કે ૧૯ નવેમ્બરે મની લોન્ડ્રીંગ સાથે જોડાયેલ કથિત કેસમાં તિહાડ જેલમાં બંધ દિલ્હીના પૂર્વ મંત્રી સત્યેન્દ્ર જૈનનો એક વીડિયો સામે આવ્યો હતો. જેનાથી તેમની મુશ્કેલીમાં વધારો થયો છે. સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહેલા વીડિયોમાં તિહાજ જેલમાં બંધ સત્યેન્દ્ર જૈન જેલમાં શાનદાર જિંદગી વિતાવી રહ્યા છે અને માલિશ કરાવતા દેખાઈ રહ્યા છે. વીડિયોમાં દેખાઈ રહ્યું છે કે, સત્યેન્દ્ર જૈન જેલમાં જ મસાજનો આનંદ ઉઠાવી રહ્યા છે. આ વીડિયો સામે આવતા જ ભાજપે ફરી એક વાર આમ આદમી પાર્ટી પર પ્રહારો કરવાનું શરુ કરી દીધું છે. ઉલ્લેખનીય છેકે, આ પહેલાં દિલ્હીની તિહાર જેલમાંથી સત્યેન્દ્ર જૈનના કુલ ત્રણ વીડિયો સામે આવ્યા છે. આને સીસીટીવી ફૂટેજ તરીકે વર્ણવવામાં આવ્યા છે. આ વીડિયોમાં સ્પષ્ટપણે જોઈ શકાય છે કે એક વ્યક્તિ સત્યેન્દ્ર જૈનના પગ, માથા અને શરીર પર મસાજ કરાવી રહ્યા છે. EDએ થોડા સમય પહેલાં એવો પણ આરોપ લગાવ્યો હતો કે સત્યેન્દ્ર જૈનને તિહાર જેલમાં ફ્ફૈંPટ્રીટમેન્ટ મળી રહી છે. EDએ કહ્યું હતું કે કોર્ટના આદેશનું ઉલ્લંઘન કરીને સત્યેન્દ્ર જૈન માટે દરરોજ તેમના ઘરેથી ભોજન મગાવવામાં આવે છે. તેમની પત્ની પૂનમ જૈન અવારનવાર સેલમાં તેમની મુલાકાત લે છે, જે ખોટું છે. તે કેસના અન્ય આરોપીઓ સાથે કલાકો સુધી તેની સેલમાં બેઠકો કરે છે. સત્યેન્દ્ર જૈન જેલમંત્રી હોવાનો ખોટો ફાયદો ઉઠાવી રહ્યા છે.

## કોંગ્રેસે વોટબેંકનો વિકાસ કર્યો, ભાજપે મંદિરોનો વિકાસ કર્યો : અમિત શાહ



અમદાવાદ,

વિધાનસભાની ચૂંટણી માટે ભાજપે સ્ટાર પ્રચારકો મેદાનમાં ઉતારી ધુઆધાર પ્રચાર શરૂ કર્યો છે. જો કે, પ્રચારમાં પણ ભાજપે જ્ઞાતિ-જાતિના સમીકરણો સચવાઈ રહે તેવો વ્યૂહ અપનાવ્યો હતો.મણિનગરના દક્ષિણી વિસ્તારમાં મહારાષ્ટ્રીયનની વધુ વસતી હોવાથી અહીં જાહેરસભાને સંબોધવા મહારાષ્ટ્રના નાયબ મુખ્યપ્રધાન દેવેન્દ્ર ફડણવીસને ઉતારવામાં આવ્યા હતા. જ્યારે નિકોલમાં પાટીદારો અને મૂળ સૌરાષ્ટ્રના લોકોની વસતીનું પ્રમાણ વધારે હોવાથી અહીં જાહેર સભાને સંબોધવાની જવાબદારી કેન્દ્રીય આરોગ્યમંત્રી મનસુખ માંડવિયાને જ્યારે કૃષ્ણનગરમાં પણ આવું જ્ઞાતિનું સમીકરણ હોવાથી અન્ય કેન્દ્રીય મંત્રી પુરૂષોત્તમ રૂપાલાને ઉતારવામાં આવ્યા હતા. કટ્ટર હિન્દુત્વની છાપ ધરાવતા આસામના મુખ્યમંત્રી હિમંતા બિશ્વા સરમાએ શાહપુરમાં સભા સંબોધી હતી. ઉલ્લેખનીય છે કે, તાજેતરમાં એક જાહેર સભાને સંબોધતાં તેમણે અત્યંત ચર્ચાસ્પદ શ્રદ્ધા મર્ડર કેસના આરોપી આફતાબ પૂનાવાલાના નામનો ઉલ્લેખ કરી મત માગ્યા હતા. આ ઉપરાંત હિમાચલ પ્રદેશના મુખ્યમંત્રી જયરામ ઠાકુરે જોધપુર અને પારસનગર ખાતે ચૂંટણી સભા સંબોધી હતી. કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે પણ રાણીપમાં જાહેરસભાને સંબોધન કર્યું હતું. કાશ્મીરમાં ૩૭૦ની કલમ હટાવી, પાકિસ્તાન આતંકવાદીઓને મોકલતું બંધ થઈ ગયું, યુક્રેનથી ૩૫ હજાર વિદ્યાર્થીઓને પરત લાવ્યા, નર્મદાનું પાણી લાવ્યા, વિવિધ ધાર્મિક સ્થાનો આસ્થાના કેન્દ્રોને ફરી ઉર્જાવાન કર્યા હોવાનું કેન્દ્રીય ગૃહ મંત્રી અમિત શાહે રાણીપ ખાતે યોજેલી સભામાં જણાવ્યું હતું. તેમણે કોંગ્રેસ અને કેજરીવાલ પર આક્ષેપ કર્યો હતોકે, કચ્છ, દરિયા કિનારો કે પછી તોફાનોથી ગુજરાતને સુરક્ષિત રાખવાની તાકાત તેમની પાસે પાસે નથી. માત્ર ભાજપ જ ગુજરાતને સુરક્ષિત રાખી શકે છે. રાણીપ ખાતે જાહેર સભા સંબોધતાં તેમણે કહ્યું કે, રાણીપના વિકાસથી તેઓ પ્રભાવિત થયા છે. તેમણે કહ્યું કે, આ મત તમે હર્ષદભાઈને નહીં પણ ભૂપેન્દ્રભાઈને મુખ્યમંત્રી બનાવવા માટે આપો છો તે યાદ રાખજો. તેમણે કહ્યું કે, ગુજરાતમાં ૧૯૯૦થી કોંગ્રેસનું રાજ નથી. માત્ર એક બે દગાઓને બાદ કરતાં ભાજપની જીત થઈ રહી છે. તેમણે કહ્યું, ૧ જાન્યુઆરી ૨૦૨૪માં રામમંદિર જોવા મળશે. તેમણે કાશી વિશ્વનાથ, ઉજ્જૈન, કેદારનાથ, બદ્રીનાથ, સોમનાથ, અંબાજી, પાવાગઢ સહિતના મંદિરોના વિકાસનો ઉલ્લેખ કર્યો હતો. કોંગ્રેસીયાઓ આ કરી શકતાં હતા પણ વોટબેંકની બીક લાગતી હતી.

## ચૂંટણી કમિશનરો નિષ્પક્ષ હોવા જોઈએ, તેની પસંદગી પ્રક્રિયા પારદર્શક હોવી જોઈએ : સુપ્રીમ કોર્ટ

નવીદિલ્હી,

મુખ્ય ચૂંટણી કમિશનર અને ચૂંટણી કમિશનરોની નિમણૂકના મામલે કેન્દ્રની વર્તમાન પ્રણાલી પર સવાલ ઉઠાવતા સુપ્રીમ કોર્ટે કહ્યું કે આ માટે શ્રેષ્ઠ બિન-રાજકીય, ન્યાયી અને પારદર્શક પદ્ધતિની નિમણૂક કરવી જોઈએ. જસ્ટિસ કેએમ જોસેફ, અજય રસ્તોગી, અનિરુદ્ધ બોઝ, હૃષીકેશ રોય અને સીટી રવિકુમારની પાંચ જજોની બંધારણીય બેંચ, જે ચૂંટણી પેનલને રાજકીય અથવા વહીવટી દખલગીરીથી બચાવવા માટેના નિર્દેશોની માંગ કરતી અરજીઓની સુનાવણી કરી રહી છે, તેમના મુજબ નિમણૂક પ્રક્રિયામાં સંતુલન એ સરકારને તેની પસંદગીની વ્યક્તિઓની નિમણૂક કરવાની મંજૂરી આપે છે. કલમ ૩૨૪(૨) સીઈસી/ઈસીની પસંદગી અને નિમણૂક માટે કાયદો ઘડવાની ફરજ પાડે છે, પરંતુ છેલ્લા સાત દાયકામાં કંઈ જ કરવામાં આવ્યું ન હોવાનું જણાવતા બેન્ચે કહ્યું, "આ રીતે બંધારણના મૌનનો લાભ લેવામાં આવી રહ્યો છે. રાજકીય પક્ષો નિમણૂક માટે સ્વતંત્ર પેનલની સ્થાપના કરવા માટે કાયદો પસાર કરવા માટે ક્યારેય સંમત થશે નહીં કારણ કે આ પ્રકારનો કાયદો તેમની પસંદગીના વ્યક્તિઓની નિમણૂક કરવાની સત્તા છીનવી લેશે. એટર્ની જનરલ આર વેંકટરામાણીએ કોર્ટ પર દબાણ કરતા કહ્યું કે, આ પ્રકારનો કાયદો હાલની સિસ્ટમમાં દખલ ન કરો, કારણ કે અરજદારોના આક્ષેપ મુજબ કોઈ જગ્યા ખાલી નથી, જે કોર્ટના ચુકાદા દ્વારા ભારી શકાય. બેન્ચે કહ્યું કે, ૭૦ વર્ષથી વધુ કામ કર્યા પછી બંધારણમાં આવો કાયદો નથી. સત્તામાં આવનાર દરેક પક્ષ સત્તા જાળવી રાખવા માંગે છે. તેથી સરકાર કોઈને પસંદ કરે છે અને સીઈસી તરીકે કામ કરવા માટે ખૂબ જ ઓછો સમય આપે છે. દરેક સરકાર સત્તામાં રહેવા માંગે છે. તમે ચૂંટણી પંચ માટે આદર્શ અને શ્રેષ્ઠ વ્યક્તિ કેવી રીતે શોધશો ? અમે વિવિધ અહેવાલો અને ભલામણોની તપાસ કરી શકીએ છીએ. પરંતુ પસંદગી પ્રક્રિયા માટેની કઈ પદ્ધતિ ન્યાયી અને પારદર્શક હોવી જોઈએ. સુપ્રીમ કોર્ટે કહ્યું કે સંસ્થાના વડા તરીકે મુખ્ય ચૂંટણી કમિશનરના કાર્યકાળમાં પણ તેઓ કશું જ નક્કર કરવા સક્ષમ નથી. જો આપણે ૨૦૦૪ પછીના મુખ્ય ચૂંટણી કમિશનરોની યાદી જોઈએ તો તેમાંના મોટા ભાગના એવા છે જેમનો કાર્યકાળ બે વર્ષથી વધુ નથી. કાયદા અનુસાર, છ વર્ષનો કાર્યકાળ અથવા ૬૫ વર્ષની ઉંમર સુધીનો કાર્યકાળ હોવો જોઈએ. આમાંથી જે પણ પ્રથમ થાય તેને કાર્યકાળ ગણવામાં આવે છે. મુખ્ય ચૂંટણી કમિશનરો મોટાભાગે અમલદારો હોય છે અને સરકાર આવા અમલદારોની ઉંમર અગાઉથી જાણે છે જેમને મુખ્ય ચૂંટણી કમિશનર બનાવવામાં આવે છે. તેમને મુખ્ય ચૂંટણી કમિશનર તરીકે નિયુક્ત કરવામાં આવે છે જ્યારે તેઓ ક્યારેય છ વર્ષનો કાર્યકાળ પૂર્ણ કરતા નથી અને તેમની મુદત ખંડિત રહે છે. ખંડપીઠ મુજબ સીબીઆઈ ડાયરેકટર અથવા લોકપાલની નિમણૂકથી વિપરીત, જ્યાં વિપક્ષના નેતા અને ન્યાયતંત્રનો અભિપ્રાય છે, કેન્દ્ર એકપક્ષીય રીતે ચૂંટણી પંચના સભ્યોની નિમણૂક કરે છે. ભૂતપૂર્વ સીઈસી ટીએન શેષનનો ઉલ્લેખ કરતા, બેન્ચે કહ્યું કે લોકોને કમિશન વિશે ત્યારે જ ખબર પડી જ્યારે તેણે સત્તા સંભાળી અને પેનલને સ્વતંત્ર બનાવવા માટે ઘણા નિર્ણયો લીધા. આ માટે રાજકીય વ્યક્તિની જરૂર નથી. આપણને આવા વ્યક્તિની જરૂર છે અને આવી વ્યક્તિ કેવી રીતે મેળવવી તે પ્રશ્ન છે. ખંડપીઠે અવલોકન કર્યું હતું કે સીઈસી/ઈસીની પસંદગી પ્રક્રિયામાં ભારતના મુખ્ય ન્યાયાધીશનો સમાવેશ પારદર્શિતા સુનિશ્ચિત કરવામાં ઘણો લાભદાયી નીવડશે. સર્વોચ્ચ અદાલતે અગાઉ પણ કાર્યાલયને રાજકીય હસ્તક્ષેપથી બચાવવા માટે સીબીઆઈ ડિરેક્ટરની નિમણૂક કરવા માટે પગલાં લીધાં હતાં અને હવે પ્રશ્ન એ છે કે સીઈસીની ઓફિસને કેવી રીતે અલગ કરવી. સુપ્રીમ કોર્ટે કહ્યું હતું કે ડૉ.બી.આર. આંબેડકરે બંધારણ સભાની બેઠકમાં કહ્યું હતું કે કલમ ૩૨૪ આવનારી પેઢીઓ માટે સમસ્યા બની શકે છે. અદાલતે એટર્ની જનરલને ચૂંટણી કમિશનરો અને મુખ્ય ચૂંટણી કમિશનરની નિમણૂક માટે અનુસરવામાં આવતી પદ્ધતિ વિશે કોર્ટને જાણ કરવા જણાવ્યું છે. સુપ્રીમ કોર્ટ બુધવારે આ મામલે વધુ સુનાવણી કરશે. ૨૩ ઓક્ટોબર, ૨૦૧૮ ના રોજ, સુપ્રીમ કોર્ટે પીઆઈએલને બંધારણીય બેંચને મોકલી હતી, જેમાં કહ્યું હતું કે ચૂંટણી કમિશનરો અને મુખ્ય ચૂંટણી કમિશનરની નિમણૂક માટે કોલેજિયમ જેવી સિસ્ટમ હોવી જોઈએ.

### દિલ્હીમાં ભયાનક હત્યાકાંડની ઘટના સામે આવી

## નશેડી યુવકે ચાર લોકોને મોતને ઘાટ ઉતાર્યા, ખૌફનાક ઘટનાથી સૌ કોઈ હચમચી ગયા

નવીદિલ્હી,

દિલ્હીના પાલમ વિસ્તારમાં ચાર લોકોની હત્યાનો ખૌફનાક મામલો સામે આવ્યો છે. એક પરિવારના ચાર સભ્યોની હત્યા ઘરની અંદર જ ચાકૂ મારીને કરી દેવાઈ. હત્યાનો આરોપ પરિવારના જ એક યુવક પર છે. જે નશાનો આદી છે. હાલ તેની ધરપકડ કરી લેવાઈ છે. દિલ્હીના પાલમ વિસ્તારમાં ચાર લોકોની હત્યાનો ખૌફનાક મામલો સામે આવ્યો છે. એક પરિવારના ચાર સભ્યોની હત્યા ઘરની અંદર જ ચાકૂ મારીને કરી દેવાઈ. હત્યાનો આરોપ પરિવારના જ એક યુવક પર છે. જે નશાનો આદી છે. હાલ તેની ધરપકડ કરી લેવાઈ છે. આરોપ છે કે તેણે તેના પિતા, દાદી અને બંને બહેનોને ચાકૂ મારીને મોતને ઘાટ ઉતારી દીધા. પોલીસે આ મામલે તપાસ શરૂ કરી દીધી છે. હત્યાની પાછળનો આશય શું હતો તે હજુ જાણી શકાયું નથી. આ ઘટનાને બુધવારે ઉત્તર-પશ્ચિમ દિલ્હીના પાલમ વિસ્તારમાં અંજામ અપાયો. આરોપી નશાનો આદી છે અને તેણે સંબંધોનું જ કત્લેઆમ કરી નાખ્યું. મળતી માહિતી મુજબ તેની બે બેહનો પિતા અને દાદીના લોહીથી લથપથ મૃતદેહો પડ્યા હતા. એક મહિલાનો મૃતદેહ જમીન પર પડ્યો હતો જ્યારે બાકીના બે સભ્યોના મૃતદેહ બાથરૂમમાંથી મળ્યા. મૃતદેહોને પોસ્ટમોર્ટમ માટે મોકલી દેવાયા છે. પોલીસ આરોપીની પૂછપરછ કરી રહી છે. આ મામલે વધુ માહિતીની રાહ જોવાઈ રહી છે.

## મુંબઈ પોલીસને પ્રધાનમંત્રીને જાનથી મારવાની ધમકીનો મેસેજ મળ્યો, સાઈબર ટીમ થઈ એલર્ટ

મુંબઈ,

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીને મારી નાખવાની ધમકી મુંબઈ ટ્રાફિલ પોલીસને મળી છે. મુંબઈ ટ્રાફિક પોલીસની પાસે પીએમ મોદીને લઈને ધમકીભર્યો કોલ આપ્યો છે, ત્યારબાદ હડકંપ મચી ગયો છે. મુંબઈ ટ્રાફિક પોલીસને કોલ સિવાય ધમકીભર્યો મેસેજ પણ આવ્યો છે. પીએમ મોદી સાથે જોડાયેલી ધમકી બાદ મુંબઈના વર્લી પોલીસ સ્ટેશનમાં એક લેખિત ફરિયાદ નોંધવામાં આવી છે. પોલીસે તપાસ શરૂ કરી છે. આ સિવાય સાઈબર ટીમ પણ એલર્ટ થઈ ગઈ છે. નોંધનીય છે કે પોલીસે તે મોબાઈલ નંબર અને યૂઝર આઈડીને ટ્રેક કરવાનું શરૂ કરી દીધુ છે, જ્યાંથી આ કોલ આવ્યો છે. પોલીસની ટીમ એલર્ટ મોડ પર છે અને ધમકી આપનાર વ્યક્તિને શોધી રહી છે. પોલીસ અધિકારીનું કહેવું છે કે જે પણ દોષીત હશે તે જલદી ઝડપાઈ જશે. આશંકા વ્યક્ત કરવામાં આવી રહી છે કે મુંબઈ ટ્રાફિક પોલીસને આવેલો ધમકીભર્યો કોલ ડી કંપની તરફથી હોઈ શકે છો. પોલીસ ઘટનાની તપાસ કરી રહી છે. પોલીસ અધિકારીઓએ કહ્યું કે તેમને ઓડિયો ક્લિપ પણ મોકલવામાં આવી છે. ઉલ્લેખનીય છે કે મુંબઈ ટ્રાફિક પોલીસને પીએમ મોદીને લઈને ધમકી મળી તો તેની સૂચના મુંબઈના વર્લી પોલીસ સ્ટેશનને આપવામાં આવી છે. ત્યારબાદ વર્લી પોલીસ સ્ટેશને કેસ દાખલ કરી તપાસ શરૂ કરી છે. આ કેસમાં સાઈબર સેલની મદદ પણ લેવામાં આવી છે. રિપોર્ટ અનુસાર મુંબઈ ટ્રાફિક પોલીસને પીએમ મોદીને લઈને ધમકી મળ્યા બાદ મુંબઈ ક્રાઈમ બ્રાન્ચને એલર્ટ પર રાખવામાં આવી છે. તેની પાછળ કોણ છે, તેની માહિતી મેળવવા તપાસ શરૂ કરવામાં આવી છે.

## મહારાષ્ટ્રના નાસિક પાસે ભૂકંપ અનુભવાયો, રિક્ટર સ્કેલમાં ૩.૬ની તિવ્રતા જણાઈ

નાસિક,

બુધવારે વહેલી સવારે મહારાષ્ટ્રના નાશિક પાસે રિક્ટર સ્કેલ પર ૩.૬ તિવ્રતાનો ભૂકંપ અનુભવાયો હતો. નેશનલ સેન્ટર ફોર સીસ્મોલોજીએ આ જાણકારી આપી છે. એનસીએસના જણાવ્યા અનુસાર, નાસિકથી ૮૯ કિમી પશ્ચિમમાં સવારે લગભગ ૪ કલાકે ધરતીની પરત નીચે ટેક્ટોનિક પ્લેટોની હલચલ અનુભવાઈ હતી. ભૂકંપની ઊંડાઈ જમીનથી ૫ કિમી નીચે હતી. રાષ્ટ્રીય ભૂકંપ વિજ્ઞાન કેન્દ્રએ એક ટ્વિટ કરીને કહ્યું કે, મહારાષ્ટ્રના નાસિકથી ૮૯ કિમી પશ્ચિમમાં આજે સવારે લગભગ ૦૪.૦૪ કલાકે ૩.૬ તીવ્રતાનો ભૂકંપ આવ્યો હતો. ભૂકંપની ઊંડાઈ જમીનથી ૫ કિમી નીચે હતી. આ અગાઉ મંગળવારે લદ્દાખના લેહ અને કારગિલમાં ભૂકંપના ઝટકા અનુભવાયા હતા. રિક્ટર સ્કેલ પર ભૂકંપની તિવ્રતા ૪.૩ રહી હતી. ભૂકંપનું કેન્દ્ર કારગિલથી ૧૯૧ કિમી દૂર ઉત્તરમાં હતું. અહીં ઉલ્લેખનિય છે કે, ઈંડોનેશિયાના જાવા દ્વિપ પર સોમવારે આવેલા ભૂકંપથી મરનારા લોકોની સંખ્યા મંગળવારે વધીને ૨૬૮ થઈ ગઈ છે. કારણ કે ધારાશાયી થયેલી ઈમારતોમાંથી લાશો નિકળી રહી છે અને હજૂ પણ ૧૫૧ લોકોના ગુમ છે. કહેવાય છે કે, સિયાંજૂર શહેર નજીક સોમવારે બપોરે આવેલા ૫.૬ તિવ્રતાના ભૂકંપમાં અન્ય ૧૦૮૩ લોકો ઘાયલ થયા છે. ભૂકંપના કારણે ગ્રામિણ વિસ્તાર નજીકની ઈમારતો ધરાશાયી થઈ હતી. અધિકારીઓએ જણાવ્યું છે કે, માર્યા ગયેલા લોકો ઉપરાંત ૩૦૦થી વધારે લોકો ગંભીર રીતે ઘાયલ થયા છે અને લગભગ ૬૦૦થી વધારે લોકોને મામૂલી ઈજા થઈ છે.

## આંતકીઓને સફાયો કરવા ભારતીય સેના છે તૈયાર, સરકારના આદેશની જોઈ રહ્યા છે રાહ

શ્રીનગર,

જમ્મુ કાશ્મીરમાં આતંકીઓનો સફાયો કરવામાં લાગેલી સેનાનું ઓપરેશન સતત ચાલી રહ્યું છે. આ તમામની વચ્ચે પીઓકેને પાછુ લેવા માટે સેના તૈયાર છે. આ વાતની જાણકારી ખુદ સેનાના ઉત્તરી કમાનના પ્રમુખ લેફ્ટિનેંટ જનરલ ઉપેન્દ્ર દ્વિવેદીએ આપી છે. તેમણે પાકિસ્તાનના કબ્જાવાળા કાશ્મીર (POK)ને લઈને મોટુ નિવેદન આપ્યું છે. તેમણે કહ્યું કે, પીઓકે પાછુ લેવા માટે સેના તૈયાર છે. બસ સરકારના આદેશની રાહ જોવાઈ રહી છે. મતલબ સ્પષ્ટ છે કે, સરકાર તરફથી આદેશ આવતા જ સેના પીઓકેને પાછુ લેવાનું અભિયાનમાં લાગી જશે. તેમનું આ નિવેદન એવા સમયે આવ્યું છે જ્યારે સેના સતત જમ્મુ કાશ્મીરમાં આતંકીઓને જડબાતોડ જવાબ આપી ઘુસણખોરી અટકાવવાની કોશિશ કરી રહ્યું છે. મંગળવારે પણ જમ્મુ કાશ્મીરમાં આતંરરાષ્ટ્રીય સરહદથી દેશમાં ઘુસણખોરીની અલગ અલગ કોશિશો બીએસએફના જવાનોએ નિષ્ફળ કરી દીધી હતી. બીએસએફના એક પ્રવક્તાએ આ જાણકારી આપી છે. તેમણે જણાવ્યું છે કે, એક ઘટનામાં એક પાકિસ્તાની ઘુસણખોર ઠાર થયો છે. જ્યારે બીજી ઘટનામાં એક અન્ય શખ્સની ધરપકડ થઈ છે. પ્રવક્તાના જણાવ્યા અનુસાર, સતર્ક જવાનોએ સોમવારે સવારે જમ્મુના અરણિયા સેક્ટર અને સાંબા જિલ્લાના રામગઢ સેક્ટરમાં ઘુસણખોરી કરવાની કોશિશો નિષ્ફળ કરી દીધી હતી.

## ઓસ્ટ્રેલિયાની સંસદે ભારતની સાથે ફ્રી ટ્રેડ એગ્રીમેન્ટને આપી મંજૂરી, જાણો શું મળશે ફાયદો

કેનબરા,

ઓસ્ટ્રેલિયાની સંસદે ભારતની સાથે મુક્ત વ્યાપાર કરાર(FTA)ને મંજૂરી આપી છે. હવે બંને દેશ આપસી સહમતિથી નિર્ણય કરશે કે આ કરાર કઈ તારીખથી લાગૂ થશે. ઓસ્ટ્રેલિયાના પ્રધાનમંત્રી એન્થની અલ્બનીજે એક ટ્વીટમાં આ જાણકારી આપી છે. તેમણે લખ્યું- 'મોટા સમાચાર: ભારતની સાથે અમારી મુક્ત વ્યાપાર કરાર સંસદમાંથી પાસ થઈ ગયો છે.' ભારત-ઓસ્ટ્રેલિયા આર્થિક સહયોગ અને વ્યાપાર કરાર (AI-ECTA) ને લાગૂ કરતા પહેલા ઓસ્ટ્રેલિયન સંસદની મંજૂરીની જરૂર હતી. ભારતમાં આ પ્રકારના કરારને કેન્દ્રીય મંત્રીમંડળ મંજૂરી આપે છે. અને આ વિષે ભારતે શું કહ્યું? તે પણ જાણો... વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રી પીયુષ ગોયલે એક ટ્વીટમાં કહ્યું, 'ખુશી છે કે ભારત-ઓસ્ટ્રેલિયા આર્થિક સહયોગ અને વેપાર કરારને ઓસ્ટ્રેલિયાની સંસદે મંજૂરી આપી દીધી છે.' તેમણે આગળ લખ્યું- આપણી ગાઠ મિત્રતાને કારણે, આ આપણા માટે વ્યાપાર સંબંધોને પૂરી ક્ષમતા સાથે આગળ વધારવા અને મોટા પાયા પર આર્થિક વૃદ્ધિને ગતિ આપવા માટે મંચ તૈયાર કરે છે. ગોયલે દિલ્હીમાં એક કાર્યક્રમમાં કહ્યું કે હવે ઓસ્ટ્રેલિયન સરકાર પોતાની કાર્યકારી પરિષદની મંજૂરી લેશે. આ સિવાય મંત્રાલયે કહ્યું કે, કેન્દ્રીય મંત્રીમંડળની મંજૂરી લેવી પડશે. તેમણે કહ્યું કે, આ મંજૂરીઓને જલદી હાસિલ કરવાની જરૂર છે. તેમણે કહ્યું કે આ કરાર ભારત માટે ન્યાય સંગત અને સારો છે. શું થશે ફાયદો?... તે પણ જાણી લો.. જેમાં એક અધિકારીએ કહ્યું કે હવે બંને પક્ષો પરસ્પર સંમતિથી નક્કી કરશે કે આ કરાર કઈ તારીખથી અમલમાં આવશે. કસ્ટમ સત્તાવાળાઓ આ અંગે નોટિફિકેશન બહાર પાડશે. FTA અમલમાં આવ્યા પછી, કાપડ, ચામડું, ફર્નિચર, જ્વેલરી અને મશીનરી સહિત ભારતમાંથી ૬,૦૦૦ થી વધુ ઉત્પાદનોને ઓસ્ટ્રેલિયન બજારમાં ડ્યૂટી ફ્રી એક્સેસ મળશે.

## અમેરિકાના વર્જીનિયામાં વોલમાર્ટ સ્ટોરમાં અંધાધૂંધ ફાયરિંગથી ૧૦થી વધારે લોકોના મોત

વર્જીનિયા,

અમેરિકાના વર્જીનિયાના ચેસાપીકમાં આવેલા વોલમાર્ટ સ્ટોરમાં સામૂહિક ગોળીબારમાં ૧૦ લોકોના મોતના સમાચાર આવી રહ્યા છે. મીડિયા રિપોર્ટ અનુસાર, કેટલાય લોકો ઘાયલ પણ થયા છે. ફાયરિંગની ઘટનાની જાણ થતાં ચેસાપીક પોલીસે બેટલફીલ્ડ બ્લાવ્ડની સામે આવેલા વોલમાર્ટમાં કથિત રીતે એક્ટિવ શૂટરને પકડવાનો પ્રયાસ કર્યો અને તેના પર ફાયરિંગ પણ કર્યું હતું. ચેસાપીક પોલીસ વિભાગનું કહેવુ છે કે, લગભગ ૧૦ લોકોના મોત થયા છે અને કેટલાય લોકો ઘાયલ થયા છે. પોલીસ ઈમારતમાં સર્ચ ઓપરેશન હાથ ધર્યુ છે. પોલીસનું માનવું છે કે, શૂટર ઠાર થયો છે. પણ લોકોને હાલમાં પણ આ સ્ટોરથી દૂર રહેવા કહેવાયુ છે. મીડિયા રિપોર્ટ્સ અનુસાર, ફાયરિંગની સૂચનાનો કોલ મંગળવારે રાતે ૧૦.૧૨ કલાકે આવ્યો હતો. મીડિયા આઉટલેટ WAVY ના મિશેલ વુલ્ફના રિપોર્ટ અનુસાર, વોલમાર્ટ સ્ટોર બહાર હાલમાં પણ ભારે સંખ્યામાં પોલીસ ફોર્સ તૈનાત છે. તેની સાથે જ ૪૦થી વધારે ઈમરજન્સી વાહનો પણ ઈમારત બહાર તૈયાર રહેવાના નિર્દેશ આપ્યા છે. પોલીસ ડિપાર્ટમેન્ટે સ્થાનિક લોકોને ઘટનાસ્થળથી દૂર રહેવા માટે કહ્યું છે.

મહિસાગર આવૃત્તિ
લુણાવાડા, ખાનપુર, સંતરામપુર, બાલાસિનોર, વિરપુર, કડાણા
પંચમહાલ સમાચાર

# નાગરિકોને મતદાન માટે પ્રોત્સાહિત કરવા સમગ્ર મહીસાગર જિલ્લામાં ફરી રહ્યો છે 'અવસર રથ'

મહીસાગર,

મતદાન જાગૃતિ અંતર્ગત જિલ્લા અને સત્ર ન્યાયાલય ખાતે કલેક્ટર ભાવિન પંડ્યાના અધ્યક્ષ સ્થાને જિલ્લા કક્ષાના અવસર રથને લિલી ઝંડી આપી મતદાન જાગૃતિ રેલીને પ્રસ્થાન કરાવ્યું.


તસ્વીર : ધ્રુવ દરજી, લુણાવાડા

ગુજરાત વિધાનસભાની ચૂંટણી સંદર્ભે અવસર લોકશાહીનો કેમ્પેઈન અંતર્ગત સમાજના વિવિધ વર્ગના લોકો, સ્થળાંતરિત મતદારો તથા વંચિત મતદારોની ભાગીદારીથી વધુ ને વધુ મતદાન થાય તે હેતુસર અવસર રથ દ્વારા સમગ્ર મહીસાગર જિલ્લામાં લોકોને મતદાન અંગે જાગૃત કરવામાં આવી રહ્યા છે. જે વિસ્તારોમાં ગત ચૂંટણીમાં ઓછું મતદાન થયું છે, ત્યાંના મતદારોની મતદાન પ્રત્યેની નિરસતા દૂર કરીને, વિવિધ રચનાત્મક કાર્યક્રમો દ્વારા મતદાન પ્રત્યેની જાગૃતિ અને મતપ્રતિશત વધારવા માટે અવસર રથ મારફતે વિશેષ પ્રયત્નો કરવામાં આવી રહ્યા છે.

અવસર રથ દ્વારા આ ચૂંટણીમાં મહત્તમ મતદાન થાય અને દરેક નાગરિક સમાન અને સહર્ષ રીતે આ પ્રક્રિયાનો ભાગ બને એવા પ્રયાસોના ભાગરૂપે મતદારોને જાગૃત્ત કરવામાં આવી રહ્યા છે. મતદારોને એક એક મતનું મૂલ્ય સમજાવીને આગામી ૫મી ડિસેમ્બરે અવશ્ય મતદાન કરવા અને અન્ય મતદારોને પ્રેરણા આપવા જિલ્લા ચૂંટણી તંત્ર દ્વારા સતત પ્રયત્ન હાથ ધરવામાં આવી રહ્યા છે.

# લુણાવાડા ખાતે ટુ વ્હિલર તથા ફોર વ્હિલર વાહનોના બાકી રહેલ ફેન્સી નંબરની ઓનલાઈન હરાજી શરૂ કરવામાં આવશે

મહિસાગર,

સહાયક પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારી, લુણાવાડા મહિસાગરની અખબારી યાદીમાં જણાવ્યાનુસાર મહિસાગર જિલ્લાની જાહેર જનતાને જણાવવામાં આવે છે કે, આગામી નવા રજીસ્ટર થતા ટુ વ્હિલર(મોટર સાઈકલ) સીરીઝ GJ35-K, Gj35-L અને GJ35-M તથા ફોર વ્હિલર GJ35-h અને GJ35-N વાહનોના બાકી રહેલ ફેન્સી નંબરની ઓનલાઈન હરાજી શરૂ કરવામાં આવનાર છે. જેથી ઓનલાઈન હરાજીનો મહત્તમ લાભ લેવા જણાવવામાં આવે છે.

ઈ-ઓકશન પ્રક્રિયા ઓનલાઈન હરાજી કરવાની તારીખ ૨૯/૧૧/૨૦૨૨ થી ઓનલાઈન હરાજી કરવાની છેલ્લી તારીખ ૦૧/૧૨/૨૦૨૨ સાજે ૦૩:૫૯ કલાક સુધી રહેશે. ઈ-ઓકશન શરૂ તારીખ ૦૧/૧૨/૨૦૨૨, ૦૪.૦૦ કલાક થી અને ઈ-ઓક્શન સમાપ્ત તારીખ ૦૩/૧૨/૨૦૨૨ સાંજે ૦૪:૦૦ કલાક સુધી રહેશે.

પસંદગીનો નંબર મેળવવા ઈચ્છતા વાહન માલિકોએ તેમના વાહનોનું રજીસ્ટ્રેશન કરાવીને પસંદગીના નંબર મેળવવા માટે Https://vahan.parivehan.gov.in/fancy પર નોંધણી યુઝર આઈ.ડી અને પાસવર્ડ મેળવી વાહન વ્યવહાર કમિશ્નરની કચેરીના પરિપત્ર ક્રમાંક નં.આઈ.ટી/પસંદગી નંબર/Online auction/7421 તા.૧૨/૧૦/૨૦૧૭ Appendix-A(આ સાથે સામેલ છે) ની સૂચનાઓ મુજબ હરાજીમાં ભાગ લેવાનો રહેશે અરજદારએ હરાજીની પ્રક્રિયા પુરી થયાના ૫ દિવસમાં બીડ અમાઉન્ટના નાણા જમા કરાવવના રહેશે. અરજદાર જો આ નિયત મર્યાદામા નાણા ચૂકવવામાં નિષ્ફળ જશે તો મૂળ રકમને જપ્ત કરી ફરીવાર હરાજી કરવામાં આવશે. જેમાં અરજદાર કોઈ વાંધો લઈ શકશે નહીં.અસફળ અરજદારએ રીફંડ માટે જે તે અરજદારના ખાતામાં SBI e-pay દ્વારા અત્રેની કચેરી દ્વારા પરત કરવામાં આવશે.

# મોદી સરકારના મંત્રીનો દાવો, "કેન્દ્રમાં ૧૬ લાખ રોજગારની તક દર મહિને તૈયાર થઈ રહી છે"

નવીદિલ્હી,

રેલ મંત્રી અશ્વિની વૈષ્ણવે મંગળવારે દાવો કર્યો છે કે, કેન્દ્ર સરકારમાં દર મહિને લગભગ ૧૬ લાખ રોજગાર ઊભા થઈ રહ્યા છે. વૈષ્ણવે કેન્દ્રીય રિઝર્વ પોલીસ ફોર્સ દ્વારા અજમેરમાં આયોજીત રોજગાર મેળામાં સંબોધન કરી રહ્યા હતા. સત્તાવાર નિવેદન અનુસાર, વૈષ્ણવે પોતાના સંબોધનમાં કહ્યું કે, આ સરકારમાં દર મહિને લગભગ ૧૬ લાખ રોજગાર ઊભા થઈ રહ્યા છે અને પારદર્શિતા મોદી સરકારની માસ્ટર કી છે. તેમણે કહ્યું કે, સમગ્ર વિશ્વમાં આર્થિક સંકટની સ્થિતિમાં ભારત



સંભાવનાઓથી ભરેલો એક ઊર્જા સ્રોત તરીકે ઊભરી રહ્યો છે. તેમણે કહ્યું કે, મોદી સરકારની યોજનાઓથી આજે દરેક વર્ગની જિંદગી સરળ થઈ ગઈ છે. યુવાનોને રાષ્ટ્ર પ્રથમ સદૈવ પ્રથમનો મંત્ર અપનાવવાનું આહ્વાન કરતા તેમણે કહ્યું કે, જીવનમાં એ લોકોને જ વિજય પ્રાપ્ત થયા છે, જે હંમેશા પોતાના કર્તવ્યમાં રાષ્ટ્રને પ્રથમ રાખે છે. તો વળી યુવાનો સામે આવનારા સંશય સહિત અન્ય પડકારોનો ઉલ્લેખ કરતા વૈષ્ણવે કહ્યું કે, તેઓ ફક્ત એક વાત યાદ રાખે કે ક્યારેય મનમાં કોઈ પ્રકારનો સંશય નહીં હોય, તે મંત્ર છે રાષ્ટ્ર પ્રથમ સદૈવ પ્રથમ. તેમણે કહ્યું કે, જીવનના અલગ અલગ ભાગોમાં તેના કેટલાય ઉદાહરણો લઈ શકાય છે. પણ એ લોકો જ આગળ આવ્યા, જે લોકોએ સંતુષ્ટિ અને વિજય પ્રાપ્ત માટે હંમેશા પોતાના કર્તવ્યમાં રાષ્ટ્રને પ્રથમ રાખ્યો. ઉલ્લેખનિય છે કે, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ પ્રધાનમંત્રી રોજગાર મેળા અંતર્ગત ૭૧,૦૦૦થી વધારે યુવાનોને નિયુક્ત પત્ર આપવાનો કાર્યક્રમ વીડિયો કોન્ફ્રેન્સિંગ દ્વારા શરુઆત કરી હતી. પ્રધાનમંત્રીએ કર્મયોગી પ્રારંભ મોડ્યૂલ શરુ કર્યું જે તમામ નવનિયુક્ત વ્યક્તિઓ માટે ઓનલાઈન ઓરિએંટેશન કોર્સ છે.

# બાલાસિનોરના જમીયતપુરામાં ડમ્પિંગ સાઈટ બંધ કરાવવા ગ્રામજનોમાં ભારે રોષ

બાલાસિનોર,

બાલાસિનોર તાલુકામાં ખુબ જ વિવાદાસ્પદ બનેલ જમીયતપુરા ડમ્પિંગ સાઈટનો પ્રશ્ન ઉકળતા ચરૂ સમાન બની ગયો છે. આ સાઈટ બંધ કરાવવાની માંગ સાથે ભુતકાળમાં ૨૯ ગામના લોકોએ ધરણા પ્રદર્શન કર્યા હતા. પરંતુ મોટા માથાના આશિર્વાદ હેઠળ ચાલતી આ સાઈટ હજુપણ કાર્યરત છે. જેને લઈને ગ્રામજનોમાં ભારે રોષ ફેલાયો છે. જે ચુંટણીમાં પડઘાય તેવી શકયતાઓ છે.

બાલાસિનોરના જમીયતપુરા સ્થિત કેમિકલ ડમ્પ કરવાની કંપનીનો સખ્ત વિરોધ બાદ પણ આજની તારીખે તંત્ર અને સરકારના આશિર્વાદથી આ સાઈટ ચાલુ છે. આ સાઈટ બંધ કરાવવા માટે અનેક આંદોલનો થયા, ૫૦૦ ઉપરાંત આવેદનપત્રો અપાયા, રેલીઓ યોજાઈ, આમરણાંત ઉપવાસો થયા પરંતુ આજદિન સુધી કોઈ પગલા લેવામાં આવ્યા નથી. જયારે વિધાનસભાની ચુંટણી માટે દરેક પક્ષના ઉમેદવારો વાયદા/વચનો આપી રહ્યા છે. ત્યારે ૨૯ પંચાયત અને બાલાસિનોર નગરને સીધી ગંભીર અસર કરતી સાઈટ મામલે કોઈ કાર્યવાહી ન કરાતા ગ્રામજનોમાં રોષ પ્રવર્તી રહ્યો છે.

# ગુજરાતની જનતાને અપીલ છે કે, હવે તોડવો જોઈએ ભાજપનો અંહકાર : મનીષ તિવારી

અમદાવાદ,

ગુજરાત વિધાનસભાની ચૂંટણીમાં સ્ટાર પ્રચારકો હાલ રાજ્યના અનેક વિસ્તારોમાં ચૂંટણી સભાઓ ગજવી રહ્યા છે. ત્યારે કોંગ્રેસ સાસંદ અને પૂર્વ કેન્દ્રીય મંત્રી મનિષ તિવારી ગુજરાત પહોંચ્યા છે. જ્યાં તેમણે અમદાવાદમાં એક જનસભા સંબોધી. જેમાં મનિષ તિવારીએ મોરબી દુર્ઘટના વિશે નિવેદનબાજી કરી હતી. મનિષ તિવારી મોરબી દુર્ઘટના પર જણાવ્યું હતું કે, આ ગંભીર દુર્ઘટનામાં ૧૪૧ લોકોના મોત થયા છતા કોઈ કાર્યવાહી સરકારે ન કરી. ગુજરાત હાઈકોર્ટે ટકોર કરવી પડી છતા કોઈ કાર્યવાહી ન થઈ. મારો સવાલ છે કે આ ઘટનામાં જવાબદાર મોટા આરોપીઓની કેમ ધરપકડ ન થઈ. મનિષ તિવારીએ વધુમાં જણાવ્યું હતું કે, ભાજપ સરકારમાં અંહકાર મોટો થયો છે, તેથી તેઓ કોઈ કાર્યવાહી કરતા નથી. ગુજરાતની જનતાને અપીલ છે કે હવે ભાજપનો અંહકાર તોડવો જોઈએ. ૨૦૧૭માં ફરી એકવાર ભાજપને મોકો મળ્યો, પણ પાંચ વર્ષમાં ત્રણ સીએમ બદલવા પડ્યા. મનિષ તિવારીએ આપ આદમી પાર્ટી પર જણાવ્યું હતું કે, પંજાબમાં જો આપ સફળ થઈ હોત તો કેમ હિમાચલ પ્રદેશમાં પાર્ટી ચૂંટણી ન લડી. છેલ્લા ૭ મહિનામાં પંજાબ કાનુન વ્યવસ્થા કથડી છે. ૨૦૦૪-૨૦૧૪ માં UPA સરકાર હતી. નિર્મલા સિતારમણે ૨૭ કરોડ લોકોને ગરીબી રેખાથી ઉપર લાવ્યા, પરંતુ હકીકત છે કે ૨૩ કરોડ લોકો ગરીબી રેખાથી નીચે ગયા છે. છેલ્લા ૮ વર્ષમાં સુટબુટ વાળાની સંપતિમાં અધધધ વધારો થયો છે. નોટબંદી અને GSTના કારણે ૨.૩૦ લાખ લઘુ ઉદ્યોગ બંધ થઈ ગયા છે. ભાજપ સરકારે સ્મશાનના રિનોવેશન કરાવવા ઉપર પણ જીએસટી લાગુ કરી દીધો છે. મનિષ તિવારીએ વધુમાં જણાવ્યું હતું કે, ગુજરાતની જનતાને વિનંતી છે કે ૫ વર્ષ સરકાર ચલાવવા કોંગ્રેસને મૌકો આપો. આ ૫ વર્ષની સરખામણી કરજો. અમારી સરકાર ગરીબો અને મ્ઝ વર્ગ માટે ખૂબ સારું કામ કરશે. પંજાબમાં છેલ્લા ૬ મહિનામાં કાયદો વ્યવસ્થા કથળી રહી છે, પંજાબને ચલાવવા માટે અનુભવની જરૂર છે જે અનુભવ આપ પાસે નથી. ગુજરાતની જનતાને વિનંતી છે કે પંજાબ જેવી ભૂલ ના કરે.

# કાર્યકર્તાઓએ ટોપી-ટીશર્ટનો ગ્રાઉન્ડ પર ઢગલો કરી દેતાં જેમ લોકોએ લૂંટ મચાવી

મહેસાણ,

રાજયમાં વિધનસભાની ચૂંટણીઓને લઈને કેન્દ્રના નેતાઓ સભાઓ ગજવી રહ્યા છે. ત્યારે વડાપ્રધાન મોદી પણ બે દિવસ ગુજરાતના પ્રવાસે છે. તેઓ મહેસાણા, દાહોદ, વડોદરા અને ભાવનગરમાં જનમેદનીને સંબોધન કરશે. ત્યારે મહેસાણામાં વડાપ્રધાનના આગમન પહેલાં ભાજપની ટોપી અને ટી-શર્ટ માટે માથાકૂટ થયાના દ્રશ્યો સામે આવ્યા છે. ભાજપના કાર્યકર્તાઓએ સભા ગ્રાઉન્ડ પર જ ટોપી અને ટી-શર્ટનો ઢગલો કરી દેતા લોકોની ધિરજ ખૂટતા પડાપડી કરી હતી. કેટલાક લોકો હાથમાં આવેલા ટી-શર્ટની ખેચતાણ કરતા જોવા મળ્યા હતા. મહેસાણાના એરોડ્રામ ગ્રાઉન્ડ પર આજે નરેન્દ્ર મોદી સભા ગજવવાના છે, ત્યારે વડાપ્રધાનને સાંભળવા લોકો વ્હેલી સવારથી જ આવવા લાગ્યા છે. આ વચ્ચે ભાજપના કાર્યકર્તાઓએ ટોપી અને ટી-શર્ટનો ઢગલો કરી દીધો હતો. જેમાં વહેલા તે પહેલાં તેમ સમર્થકોએ ટોપી, ટી-શર્ટની લૂંટ ચલાવી હતી. એક ટી-શર્ટ માટે ક્યાંક ચાર-ચાર તો ક્યાંક પાંચ-પાંચ લોકોએ ખેચતાણ કરી હતી. પોલીસની હાજરીમાં લોકોના ટોળેટોળાં સામાન્ય ટોપીઓ લેવા પડાપડી કરતા ભાજપના સ્થાનિક કાર્યરકો આવી મામલો શાંત પાડ્યો હતો. રાજ્યમાં વિધાનસભાની ચૂંટણીઓને હવે ગણતરીના દિવસો બાકી રહ્યા છે, ત્યારે તમામ રાજકીય પક્ષો પોતાની સરકાર બનાવવા એડીચોટીનું જોર લગાવી રહ્યા છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી એક દિવસના અંતરાળ બાદ ફરી બે દિવસ ગુજરાતના પ્રવાસે છે. મોદીની ગુજરાતમાં ચાર સભા છે. જેમાં સૌ પ્રથમ બપોરે એક વાગ્યે મહેસાણા જિલ્લાની ૭ વિધાનસભાની બેઠકોની સંયુક્ત સભા મહેસાણાના રાધનપુર ચાર રસ્તા નજીક એરોડ્રામ ખાતે સંબોધશે. ત્યારબાદ દાહોદ, વડોદરા અને ભાવનગરમાં સભા સંબોધશે. આ ચૂંટણીમાં ૭ બેઠકો પૈકી મુખ્યત્વે વિજાપુર, બહુચરાજી અને ખેરાલુ સહિતની ત્રણ બેઠકો ઉપર ટિકિટ વહેંચણીને લઈ સ્થાનિક સંગઠન અને કાર્યકરોમાં સર્જાયેલા ભારે ડેમેજને કંટ્રોલ કરી સાતેય બેઠકમાં ભાજપના પોતાના સિક્યોર સહિત અન્ય મતોને અંકે કરવા મોદી આજે મહેસાણા એરોડ્રામ ખાતે ચૂંટણી સભા કરવા આવી રહ્યા હોવાનું રાજકીય વિશ્લેષકો માની રહ્યા છે. વડાપ્રધાન મોદીએ ૫ વર્ષ પૂર્વે ૯ ડિસેમ્બર ૨૦૧૭ના રોજ આ જ મેદાન ઉપર મોદીએ ચૂંટણીસભા યોજી હતી. ત્યારે મહેસાણાની પોલીસ ટ્રાફિક મેનેજમેન્ટ કરશે. મોદી બાય રોડ આવવાના ન હોવાથી ટ્રાફિકને લઈ કોઈપણ પ્રકારનું ડાયવર્ઝન આપવામાં આવ્યું નથી તેમ જિલ્લા પોલીસવડા અચલ ત્યાગીએ જણાવ્યુ હતું.

# હિંમતનગરના બળવંતપુરા રેલવે ફાટક પાસેથી લાશ મળી, એ ડીવીઝન, રેલવે પોલીસ સ્થળે પહોંચી

સાબરકાંઠા,

હિંમતનગરમાં રાત્રે રિલાયન્સ મોલ પાછળના રેલવે ફાટક પાસે એક યુવાનની લાશ મળી હોવાની જાણ થતા જ રેલવે પોલીસ અને એ ડિવીઝન પોલીસ ઘટના સ્થળે દોડી આવી હતી અને મૃતક યુવાનની લાશને સિવિલ હોસ્પિટલમાં મોકલી પી.એમ.ની કાર્યવાહી હાથ ધરી હતી. આ અંગેની વિગત એવી છે કે રાત્રે હિંમતનગરથી ઉદેયપુર જતી ટ્રેન સાથે કોઈ અજાણ્યો યુવાન ટકરાઈ જતા તેનું ઘટના સ્થળે મોત નિપજ્યુ હોવાની જાણ થતા લોકોના ટોળેટોળા ઉમટી પડ્યા હતા અને સ્થાનિક લોકોએ રેલવે પોલીસ અને હિંમતનગર એ ડિવીઝન પોલીસને જાણ કરી હતી. ઘટનાની જાણ થતા જ પોલીસ સ્થળ ઉપર પહોંચીને મૃતક યુવાનનું કયાં કારણોસર મોત નિપજ્યુ હતુ, તેની તપાસ હાથ ધરી હતી. ત્યારબાદ મૃતક યુવાનની લાશને હિંમતનગર સિવિલ હોસ્પિટલમાં પી.એમ. માટે મોકલવામાં આવી હતી. જે અંગે ગુનો નોંધી પોલીસે વધુ કાર્યવાહી હાથ ધરી હતી.

# CBIએ સોનાલી હત્યા કેસમાં ચાર્જશીટ દાખલ કરી, CBIએ 2ને આરોપી બનાવ્યા

નવીદિલ્હી,

સીબીઆઈએ સોનાલી ફોગાટ હત્યા કેસમાં ચાર્જશીટ દાખલ કરી દીધી છે. ગોવાના કર્લિઝ બારમાં શંકાસ્પદ સ્થિતિમાં સોનાલીનું મોત થયું હતું. સોનાલીના પીએ સુધીર સાંગવાન અને સુખવિંદર પર બળજબરીપૂર્વક ડ્રગ્સ આપીને હત્યા કરવાનો આરોપ લાગ્યો છે. સોનાલીની હત્યાના આરોપમાં તે સમયે બંનેની ધરપકડ કરી લેવામાં આવી હતી. હવે સીબીઆઈએ બંને વિરુદ્ધ ચાર્જશીટ દાખલ કરી દીધી છે. આ જાણકારી સીબીઆઈ સૂત્રોએ આપી છે. પ્રાપ્ત વિગત પ્રમાણે માપુસામાં ન્યાયિક મેજિસ્ટ્રેટ પ્રથમ શ્રેણી (JMFC) ની સમક્ષ આરોપ પત્ર દાખલ કરવામાં આવ્યું છે. બ્યૂરોએ મામલામાં ધરપકડ કરાયેલા સાંગવાન અને સુખવિંદર સિંહની કોલવાલે જેલમાં પૂછપરછ કરી હતી. સીબીઆઈએ ગોવા પોલીસના દસ્તાવેજોની પણ તપાસ કરી છે, જે ૫૦૦થી વધુ પેજના છે. તેમાં સાક્ષીઓના નિવેદન પણ નોંધવામાં આવ્યા છે. સીબીઆઈએ



કર્લીના અપરાધ સ્થળને ફરીથી રિક્રિએટ કર્યું, જ્યાં ફોગાટને કથિત રીતે ડ્રગ્સ આપવામાં આવ્યું હતું. નોંધનીય છે કે હરિયાણાના મુખ્યમંત્રીની વિનંતી અને ખાપ મહાપંચાયલની માંગ બાદ રાજ્ય સરકારે ફોગાટ હત્યા કેસની તપાસ સીબીઆઈને સોંપી દીધી હતી. સોનાલી ફોગાટની પુત્રી યશોધરા ફોગાટે પણ સીબીઆઈ તપાસની માંગ કરી હતી. યશોધરાએ તે માટે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીને પણ પત્ર લખ્યો હતો. ગોવા પોલીસે, જે ૨૩ ઓગસ્ટે સોનાલી ફોગાટના મોત બાદ હત્યા કેસની તપાસ શરૂ કરી હતી, તેને ન કોઈ મજબૂત પૂરાવા મળ્યા અને ન તે હત્યાના કોઈ ઈરાદા સુધી પહોંચી. શરૂઆતમાં ગોવા પોલીસે કુદરતી મોતનો કેસ દાખલ કર્યો હતો. પરંતુ પોસ્ટમોર્ટમ રિપોર્ટ આવ્યા બાદ હત્યાનો કેસ દાખલ કરવામાં આવ્યો હતો. ગોવા પોલીસે પહેલા કહ્યું હતું કે સોનાલી ફોગાટને અંજુના સમુદ્ર કિનારા પર પ્રસિદ્ધ રેસ્ટોરન્ટ તથા નાઈટ ક્લબ કર્લીઝમાં આરોપીઓએ મેથામફેટામાઈન ડ્રગ્સ પીવા માટે મજબૂર કરી હતી. આ મહિનાની શરૂઆતમાં કર્લીઝ રેસ્ટોરન્ટના માલિક એડવિન ન્યૂન્સની તેલંગણા પોલીસે ડ્રગ્સ કેસમાં ગોવાના અંજુનાથી ધરપકડ કરી હતી. નૂન્સ આ સપ્ટેમ્બરમાં સોનાલી ફોગાટના મોત બાદ ધરપકડ કરાયેલા પાંચ લોકોમાં સામેલ હતો. બાદમાં તે જામીન પર છૂટી ગયો હતો.

## આપની આજ.......

મેષ (અ.લ.ઈ.) : કામકાજમાં પ્રસન્નતા જળવાઈ રહેશે,સ્નેહીના સંપર્કથી લાભ થશે,વ્યવસાયમાં વૃદ્ધિ થશે,પરિવારના સુખમાં વૃદ્ધિ થશે.

વૃષભ (બ.વ.ઉ.) : સરકારી કામમાં સફળતા મળશે,કરેલા કાર્યો ફળદાઈ બનશે,નોકરી બાબતે સારા સમાચાર મળશે,ધંધામાં લાભ મેળવી શકશો.

મિથુન (ક.છ.ઘ.) : કામમાં નિરાશાનો અનુભવ થશે,સંતાનના પ્રશ્નોમાં ચિંતા જણાશે,ઈષ્ટમિત્રોનો સહયોગ મળશે,ધર્મપ્રત્યેની શ્રધ્ધામાં વધારો થશે.

કર્ક (ડ.હ.) : ધન અને માનનો વ્યય જણાશે,નોકરીમાં પરેશાની રહેશે,માનસિક તણાવ જણાશે,વ્યવસાયમાં પ્રગતિ અને લાભ જણાશે.

સિંહ (મ.ટ.) : દરેક કામકાજમાં સફળતા મળશેધંધામાં નવી તકો મળશે,નોકરીમાં બઢતીની તકો મળશે,પારિવારિક સબંધોમાં લાભ થશે.

કન્યા (પ.ઠ.ણ.) : ધંધાનાં કામમાં સફળતા મળશે,પ્રતિસ્પર્ધી પક્ષથી વિજય મેળવશો,આત્મવિશ્વાસમાં વધારો થશે, ઘરમાં આનંદનું વાતાવરણ જળવાશે.

તુલા (ર.ત.) : ભાગીદારો સાથે વૈચારિક મતભેદ જણાશે,નવા સબંધોમાં નિરાશા જણાશે,નોકરીમાં નવી તકો મળશે,સંતાનપક્ષે શુભ સમાચાર મળશે.

વૃશ્ચિક (ન.ય.) : પરિશ્રમ પછી પણ કામ અધુરુ જણાશે,સ્વજનોના હસ્તક્ષેપથી મન વિચલીત જણાશે,નોકરીમાં સહયોગીઓનો સહકાર મળશે,વ્યવસાયમાં ધનલાભ થશે.

ધન (ભ.ધ.ફ.ઢ.) : આજે ભાગ્ય અનુકુળ જણાય છે,રાજનૈતિક ક્ષેત્રમાં પ્રગતિ જણાશે,વિકાસના કાર્યોમાં ગતિ આવશે,દિવસ આનંદમાં પસાર થશે.

મકર (ખ.જ.) : વાદ-વિવાદના કામથી બચવુ,આર્થિક સ્થિતિમાં મધ્યમ સુધારો જણાય છે,ધંધામાં પ્રગતિ અને ધનલાભ થશે,પરિવારમાં સામાન્ય અશાંતિ જણાશે.


કુંભ (ગ.શ.ષ.સ.) : કામની સફળતામાં ખુશી અનુભવશો,નોકરીમાં પ્રમોશન અથવા શાંતિ મળશે,સ્વજનોનો સહયોગ મળશે,ધંધામાં સુધારો જોવા મળશે.


મીન (દ.ચ.ઝ.થ.) : માનસિક તણાવ જણાશે,કામમાં મધ્યમ સફળતા મળશે,વિરોધીઓથી સાવધાન રહેવુ,નિરાશાથી દુર રહેવુ.

# રાહુલ ગાંધીનો ચહેરો આજકાલ સદામ હુસૈન જેવો દેખાય છે! : હિમંતા બિસ્વા સરમા

અમદાવાદ,

ગુજરાત વિધાનસભાની ચૂંટણીનો માહોલ ખીલ્યો છે. હાલ વાર પ્રતિવાર થઈ રહ્યા છે, ત્યારે ગુજરાતમાં આગામી મહિને થનાર વિધાનસભાની ચૂંટણીના મતદાન પહેલા અમદાવાદમાં બીજેપી ઉમેદવાર માટે એક જનસભાને સંબોધિત કરતા આસામના મુખ્યમંત્રી હિમંતા બિસ્વા સરમાએ જણાવ્યું હતું કે આજકાલ રાહુલ ગાંધી સદામ હુસૈન જેવા દેખાય છે. રાહુલ ગાંધીના દેખાવ પર કટાક્ષ કરતા સરમાએ કહ્યું કે, હવે મેં જોયું છે કે રાહુલ ગાંધી ચહેરો પણ બદલાઈ ગયો છે. ચહેરો બદલવો એ ખરાબ





વાત નથી. જો તમારો ચહેરો બદલે છે તો સરદાર વલ્લભભાઈ પટેલ, જવાહરલાલ નેહરુ કે ગાંધીજીની જેમ કરો, પરંતુ તમારો ચહેરો સદામ હુસૈન જેવો કેમ થતો જઈ રહ્યો છે. ગુજરાતના ભાર્ગવ રોડ કુબર૨૯છેરનગર ચૂંટણી પ્રચાર માટે પહોંચેલા હિમંતા બિસ્વા સરમાએ કહ્યું છે કે, આજકાલ ભારત જોડો યાત્રામાં રાહુલ ગાંધીનો ચહેરો સદામ હુસૈન જેવો દેખાય છે. ચહેરો રાખવો હોય તો ગાંધી જેવો રાખો. કોંગ્રેસ પર પ્રહાર કરતા તેમણે કહ્યું કે, કોંગ્રેસ માત્ર બાબરનું નામ લે છે અને માત્ર એક જ ધર્મને આગળ કરે છે. તો જ્યારે ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ નવા ભારતનું નિર્માણ કર્યું છે. તેમણે કહ્યું કે રાહુલ ગાંધી વીર સાવરકરનું અપમાન કરે છે, તમારી હિંમત કેવી રીતે થઈ? હિમંતા બિસ્વા સરમાએ કહ્યું કે, રાહુલ ગાંધી ગુજરાતમાં દેખાતા નથી, આજકાલ તેઓ મહેમાન બનીને આવ્યા છે. હિમાચલ પ્રદેશની ચૂંટણી પૂરી થઈ ગઈ હતી પરંતુ તે ત્યાં પણ ગયા નથી. જે રાજ્યોમાં ચૂંટણી નથી, ત્યાં જ તેઓ જતા હોય છે, પરંતુ જ્યાં ચૂંટણી હોય ત્યાં તેઓ જતા નથી. તેઓ ચૂંટણી હારી જવાથી ડરે છે. તેઓ જાણે છે કે હું જ્યાં જઈશ ત્યાં મારી હાર થશે. તેમને જીતવાની કોઈ આશા પણ નથી. ચૂંટણી પહેલા રાહુલ ગાંધીની ગુજરાતની અમુક પ્રવાસ પર સવાલ ઉઠાવતા સરમાએ કહ્યું કે, તેઓ ગુજરાતમાં અદ્દશ્ય છે. તેઓ વિઝિટિંગ ફેકલ્ટીની જેમ રાજ્યમાં આવે છે. તેમણે હિમાચલ પ્રદેશમાં પણ પ્રચાર કર્યો નથી. તે ફક્ત તે જ સ્થળોની મુલાકાત લે છે જ્યાં ચૂંટણી નથી થઈ.. કદાચ એના કારણે જ તેમને હારનો ડર છે. આસામના મુખ્ય પ્રધાને એવો પણ આક્ષેપ કર્યો હતો કે કોંગ્રેસે રાહુલ ગાંધીની ભારત જોડો યાત્રામાં હાજરી આપવા માટે બોલીવુડ સ્ટાર્સને પૈસાની ચૂકવણી પણ કરી હશે, આડકતરી રીતે અભિનેત્રી પૂજા ભટ્ટ અને અમોલ પાલેકરનો ઉલ્લેખ કર્યો છે જેઓ યાત્રામાં આવ્યા હતા. અગાઉ, ધનસુરામાં એક જાહેર સભાને સંબોધતા સરમાએ 'લવ જેહાદ'ને કાબૂમાં લેવા માટે કડક કાયદા બનાવવાની હાકલ કરી હતી. તેમણે જણાવ્યું કે, પુછપરછ દરમિયાન આફતાબ અમીન પૂનાવાલા જેના પર દિલ્હીના મહેરૌલી વિસ્તારમાં લિવ-ઈન પાર્ટનર શ્રદ્ધા વોકરની હત્યા કરવાનો આરોપ છે, કથિત રીતે કહે છે કે તે માત્ર હિંદુ છોકરીઓને ડેટ કરી રહ્યો હતો કારણ કે તેઓ ભાવનાત્મક હતી.

# દાહોદ આવૃત્તિ

દાહોદ, ગરબાડા, ઝાલોદ, ફતેપુરા, લીમખેડા, દે.બારીયા, ધાનપુર

પંચમહાલ સમાચાર


# દાહોદના ડોકી મેદાન ખાતે વડાપ્રધાને જંગી જનમેદનીને સંબોધી







તસ્વીર : વિનોદ પંચાલ, દાહોદ



દાહોદ, મધ્ય ગુજરાતના આદિવાસી બાહુલ્ય ધરાવતા દાહોદ જિલ્લામાં વિશાળ જનમેદનીની વચ્ચે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ચૂંટણી સભાને સંબોધી હતી અને ભારતીય જનતા પાર્ટી દ્વારા જાહેર કરાયેલા ઉમેદવારો તરફે જંગી મતદાન કરી પૂનઃ ભુપેન્દ્ર પટેલના નેતૃત્વ વાળી ભાજપ સરકારને વિજય બનાવવા જનમેદનીને અપીલ કરી હતી.

દાહોદ ખાતે ચૂંટણી સભા કરવા આવેલા વડાપ્રધાન નરેન્દ્ર મોદીના કાર્યક્રમના આગમનને લઈ છેલ્લા ચાર પાંચ દિવસથી તૈયારીઓ ચાલતી હતી. લગભગ ૧૬૦૦ જેટલા પોલીસ કર્મીઓની કડક સુરક્ષા વચ્ચે આજરોજ બપોરના ત્રણ વાગ્યાના આસપાસ દાહોદ તાલુકાના ડોકી મેદાન ખાતે વડાપ્રધાન નરેન્દ્ર મોદી હેલિકોપ્ટર મારફતે આવ્યા હતા.જ્યાં ભારતીય જનતા પાર્ટીના હોદ્દેદારો પદાધિકારીઓ તેમજના શીર્ષ નેતૃત્વના મંડળને હેલિપેડ ખાતે મળ્યા હતા. ત્યારબાદ સભામાં ભેગી થયેલી વિશાળ જનમેદનીને સંબોધવા વડાપ્રધાન નરેન્દ્ર મોદી સભા સ્થળે પહોંચ્યા હતા. ભારતીય જનતા પાર્ટીના આગેવાનો દ્વારા પ્રથમ તેમના સ્વાગત કર્યા બાદ વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ પોતાની ચૂંટણી સભા સંબોધવાની શરૂ કરી હતી. લગભગ ૩૬ મિનિટ જેટલી ચાલેલી આ જનસભામાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ તેમના પ્રારંભિક દિવસોમાં વિતાવેલા દિવસોને યાદ કર્યા હતા. ત્યારબાદ તેઓએ સરકારની વિવિધ યોજનાઓનો લાભ આદિવાસી વિસ્તારના છેવાડાના માનવી સુધી પહોંચાડ્યાનો હિસાબ આપ્યો હતો. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ પોતાની વિધાનસભામાં પ્રારંભિક દિવસોમાં પરેલ ખાતે તેમજ ઝાલોદ ખાતે વિતાવેલા સંઘર્ષમય દિવસોને યાદ કર્યા હતા. સાથે સાથે તેમને દાહોદ પ્રત્યે પોતાની લાગણી અને ઋણ અદા કર્યાની વાતો કહેતા સ્માર્ટ સિટી, દાહોદ રેલવે પ્રોડક્શન યુનિટ, અંતર્ગત ૨૦,૦૦૦ કરોડના કામો, બુલેટ ટ્રેન ડિજિટલ પેમેન્ટ એગ્રીકલ્ચરમાં ક્રાંતિ, ૧૦૮ ગામડે ગામડે પહોંચાડી, આદિવાસી બાહુબલી ધરાવતા દાહોદમાં પોલિટેકનિક કોલેજ,બીમાર અને જરૂરત મંદ લોકોને આયુષ્માન કાર્ડ તેમજ મા કાર્ડ અંતર્ગત દર વર્ષે પાંચ લાખની સહાય, વેલનેસ સેન્ટરો, સિંચાઈ તેમજ પીવાના પાણીની સુવિધા પુરી પાડવા, રોડ રસ્તા, રેલવેમાં જાહેર કરાયેલી સુવિધાઓ, સહીત યોજનાકીય લાભો આદિવાસી બાહુબલી ધરાવતા દાહોદ જિલ્લામાં પહોંચાડી પોતાના સંઘર્ષ સમય દિવસોમાં દાહોદ ખાતે વિતાવેલા દિવસોમાં ઋણ અદા કર્યું તેમ કહ્યું હતું.આ તબક્કે પીએમ મોદીએ કોંગ્રેસ ઉપર કટાક્ષ કરતાં કીધું હતું કે, એક ભાઈ પદ માટે યાત્રા કાઢી રહ્યો છે. યાત્રા કાઢવાઓની કશું ના થાય. કોંગ્રેસ સરકારે વર્ષો સુધી સત્તા ભોગવી છે. તાલુકા પંચાયતની માંડી દિલ્હીની ગાદી સુધી કોંગ્રેસ સત્તા પર રહી છે, પરંતુ તેઓએ આદિવાસીનો ક્યારેય ભલું કર્યું નથી. આઝાદીના ૭૫ વર્ષ પછી અમારી સરકારે આદિવાસી સમાજની દીકરીને રાષ્ટ્રપતિ બનાવ્યું છે. તેમાંય કોંગ્રેસ સરકારને વાંકું પડ્યું છે. તેઓએ રાષ્ટ્રપતિના ઉમેદવાર તરીકે ઉમેદવાર ઉતારી વિરોધ કર્યો હતો. તેમને પોતાના વક્તવ્યમાં ગુરૂ ગોવિંદ ને યાદ કરી કહ્યું હતું કે, ૧૮૫૭ ના બ્રિટિશ સામે આઝાદીની લડાઈમાં બયુગલ આદિવાસી સમાજે બજાવ્યો હતો. જેમાં દાહોદ, પંચમહાલ, ઝાલોદ, સંતરામપુર સહિતના આસપાસના આદિવાસી સમાજના વીરોએ બલિદાન આપ્યું હતું. ભલે ઈતિહાસના પન્ને તેઓને કોઈ સ્થાન ન મળ્યું હોય પરંતુ અમારી સરકારે આદિવાસી સમાજને સુખી અને સમૃદ્ધ બનાવવા કાર્યો કર્યા છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ પોતાની આગવી શૈલીમાં તેઓએ મતદારોને રીજવવા કહ્યું હતું કે, તમારા વિસ્તારમાં નાનાથી મોટો થયો છું. જનતા જનાર્દન જ મારાં ઈશ્વર છે. તેમના દર્શન તેમજ આશીર્વાદ પ્રાપ્ત કરવા હું આજે આ ધરા પર આવ્યો છું. ત્યારે તેમને મતદારોને અપીલ કરતાં કહ્યું હતું કે, આગામી પાંચમી ડિસેમ્બરના રોજ લોકશાહીના પર્વે ખૂબ જ મોટી સંખ્યામાં મતદાન કરી અગાઉના તમામ રેકોર્ડ તોડી ભુપેન્દ્ર પટેલના નેતૃત્વ વાળી ફરી એક વખત ભાજપ સરકાર બનાવવા મતદારોને અપીલ કરી હતી. તેમજ ઉપસ્થિત જનમેદનીને ઘરે જઈ વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ તમને પ્રણામ કર્યા છે, તેમ કહેવા જણાવ્યું હતું. અંતમાં તેઓએ દાહોદના સંગમ ટેલર ખાતે ભૂતકાળમાં તેઓના કપડા સીવડાવતા હતા. તેમને યાદ કરી તેમના પુત્રે મારા માટે જાકીટ બનાવીને ભેટ સ્વરૂપે આપી છે. તેમ કહી હું દાહોદનો જ તમારો ઘરનો વ્યક્તિ છું. તેમ કહી મતદારોને રીઝવવા માટે ભાવિક અપીલ કરી હતી.

## દાહોદ નગરપાલિકાની વિરોધપક્ષની બે મહિલા કાઉન્સિલરોનો પક્ષપલટો

દાહોદ, તા.૨૩ દાહોદ નગરપાલિકાની વિરોધ પક્ષની બે મહિલા કાઉન્સિલરોએ પક્ષ પલટો કરી ભાજપની પાટલી પર બેસવાનો નન્નો ભણી દેતા દાહોદ નગરપાલિકાને કોંગ્રેસ મુક્ત બનાવવાના ભાજપાના સપના રોળાઈ ગયા છે. જ્યારે વિરોધ પક્ષમાંથી પાટલી બદલી ભાજપની પાટલી પર બેસી જનારા એક મહિલા સહિત ત્રણ કાઉન્સિલરોને આ સમાચાર લખાય છે. ત્યાં સુધી ભાજપે પોતાની શરત પૂરી ન થતા ભાજપમાં વિધિવત પ્રવેશ ન અપાતા તેઓનો બાવાના બેઉ બગડ્યા જેવો ઘાટ થયાની ચર્ચાઓ સમગ્ર દાહોદ શહેરમાં આજે ટોક ઓફ ધ ટાઉન બનવા પામી છે. શહેરમાં ખાતેના જવાબદાર પદાધિકારીએ વિરોધ પક્ષના પાંચે પાંચ કાઉન્સિલરો પાટલી બદલી ભાજપમાં આવે તો જ ભાજપમાં પ્રવેશ આપવામાં આવશે તેવી શરત મૂકવામાં આવી હતી. ભાજપની આ શરત પૂરી કરવા કોંગ્રેસમાંથી પાટલી બદલી ભાજપમાં પ્રવેશ મેળવવાની મનસા નસા ધરાવતા ત્રણ પૈકી એકે બાકીની બે મહિલા કાઉન્સિલરોને મનાવવાના પ્રયાસો હાથ ભર્યા હતા. પરંતુ તે બે મહિલા કાઉન્સિલરોએ કોંગ્રેસમાંથી પાટલી બદલી ભાજપની પાટલી પર બેસવા નન્નો ભણી દેતા કોંગ્રેસમાંથી પાટલી બદલી ભાજપમાં પ્રવેશી ચેરમેન પદુ મેળવવાની લાલસા રાખનારા ત્રણેય કાઉન્સિલરોને જોરશોરથી ચાલતી ચર્ચાઓ જવામાં આવ્યા હતા. જ્યાં કમલમ શરત મુજબ આ સમાચાર લખાવ મુજબ દાહોદ નગરપાલિકાના ૩૬ કાઉન્સિલરો પૈકી ૩૧ કાઉન્સિલરો ભાજપના છે અને પાંચ કાઉન્સિલરો કોંગ્રેસના છે. આવા સમયે ભાજપાના ૩૧ કાઉન્સિલરો પૈકીના મોટા ગજાના એક કદાવર કાઉન્સિલરને દાહોદ નગરપાલિકા કોંગ્રેસ મુક્ત બનાવવાના અભરખા જાગ્યા હતા. અને કોંગ્રેસના કાઉન્સિલરો સાથે સંપર્કો વધારી પાટલી બદલવા માટે સમજાવવાના પ્રયાસ આદરવામાં આવ્યા હતા અને પાંચ કાઉન્સિલર પૈકી કોંગ્રેસના ત્રણ કાઉન્સિલરોને પાટલી બદલવા માટે મનાવી લેવામાં સફળ થયા હતા. તે ત્રણેને ચર્ચા કરવા માટે દાહોદ કમલમ ખાતે જવાબદાર પદાચિકારી પાસે લઈ છે. ત્યાં સુધી ભાજપમાં વિધીસર પ્રવેશ ન મળતા તે ત્રણેના બાવાના બેઉ બગડ્યા જેવો ઘટ થવા પામ્યો છે. જ્યારે પાલિકાના મોટા ગજાના કદાવર કાઉન્સિલરનું દાહોદ નગર પાલિકા કોંગ્રેસ મુક્ત કરવાનું સપનું રોળાઈ ગયુ હોવાનું ચાંદ રહ્યું છે. દાહોદજિલ્લા કોંગ્રેસના એક પદ અધિકારીને આ મામલે પૂછતા તેઓએ જણાવ્યું અમારા પાંચ કાઉન્સિલરો પૈકી ત્રણ કાઉન્સિલરો ભાજપમાં ગયા છે અને બે કાઉન્સિલરો તસ્લીમબેન અને કલાબેન હાલ કોંગ્રેસમાં જ છે અને કોંગ્રેસમાં રહેવાના છે. આ અમારા ત્રણ મિત્રો ગયા છે. તેમન સાથે અમારી વાટાઘાટો ચાલુ છે.

## વિધાનસભા ચુંટણીમાં દાહોદ અલીરાજપુર પોલીસે ૬ ચેક પોસ્ટો ઉપર ૭૭૭ કેસો દાખલ કરાયા

દાહોદ, દાહોદ જિલ્લામાં વિધાનસભાની ચુંટણીને અનુલક્ષીને દાહોદ જિલ્લા પોલીસ તેમજ મધ્યપ્રદેશની અલીરાજપુરની પોલીસ દ્વારા બોર્ડર વિસ્તારોમાં ચુંટણી સમયે કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે માટે બેઠકો યોજવામાં આવી હતી. ત્યારે અલીરાજપુર પોલીસ દ્વારા દાહોદ જિલ્લાની ૦૬ બોર્ડર વિસ્તારમાં ચેકપોસ્ટો ઉભી કરવામાં આવી છે. અલીરાજપુર પોલીસ અને દાહોદ પોલીસ દ્વારા અત્યાર સુધી ૭૭૭ કેસો દાખલ કરવામાં આવ્યાં છે. જેમાં પોલીસે ૮૦ લાખ ઉપરાંતના વિદેશી દારૂના જથ્થા સાથે૧૭ વાહનો કબજે કરી પ્રોહીના બનાવમાં અત્યાર સુધી કુલ રૂા.૧.૪૦ કરોડનો મુદ્દામાલ કબજે કર્યો હતો. આ ઉપરાંત પોલીસે વોરંટ બજવણી, હથિયારો જમા કરવા, નાસતા ફરતા આરોપીઓને ઝડપી પાડવા વિગેરે જેવી કામગીરી કરવામાં આવી છે.

ગુજરાતની વિધાનસભાની ચુંટણી જાહેર થતાં દાહોદ જિલ્લામાં પણ ચુંટણીનો માહોલ ગરમાયો છે. તેવા સમયે દાહોદ જિલ્લામાં વિધાનસભાની ચુંટણી સમયે કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તેમજ ચુંટણી પ્રક્રિયા શાંતિમય વાતાવરણમાં સંમ્પન્ન થાય તેવા હેતુસર દાહોદ જિલ્લા પોલીસ દ્વારા સરહદી વિસ્તારમાં સઘન કામગીરી કરી રહી છે. તેની સાથે સાથે સાથે દાહોદ જિલ્લા પોલીસ દ્વારા રાજસ્થાન અને મધ્યપ્રદેશ પોલીસ સાથે બેઠકો પણ કરવામાં આવી હતી. ત્યારે મધ્યપ્રદેશની અલીરાજપુર પોલીસ દ્વારા પોતાના વિસ્તારના દાહોદ જિલ્લાની સરહદી વિસ્તારોમાં ૦૬ ચેકપોસ્ટો ઉભી કરવામાં આવે છે. જેમાં અત્યાર સુધી પોલીસે ૮૧,૦૭,૧૬૨ના પ્રોહી જથ્થા સાથે ૧૭ વાહનો કિંમત રૂા. ૬૭,૦૮,૦૦૦ મળી કુલ રૂા.૧.૪૦ કરોડનો પ્રોહી મુદ્દામાલ સાથે વાહનો કબજે કર્યા છે. ૨૦૧૪ વ્યક્તિઓ વિરૂધ્ધ વિવિધ ગુન્હાઓ સંદર્ભે કાયદેસરની કાર્યવાહી કરવામાં આવેલ છે. પોલીસ દ્વારા ૦૬ ચેકપોસ્ટો પર કુલ બે ટીમો બનાવવામાં આવી છે. જે ટીમ સતત ચોવીસે કલાક ચેકપોસ્ટ પર ફરજ બજાવે છે.૩૫ વોરંટવાળા કેસ ગુજરાત પોલીસને સુપરત કરવામાં આવેલ છે. આર્મ એક્ટના કેસમાં કુલ ૪૨ કેસ દાખલ કરવામાં આવ્યાં છે. ૨૭૫ હથિયારો જમા કરવામાં આવ્યાં છે. ૩૨૪ આરોપીઓની અટકાયત કરવામાં આવી છે. આમ, દાહોદ જિલ્લાની પોલીસની સાથે સાથે મધ્યપ્રદેશની અલીરાજપુરની પોલીસ પણ ગુજરાત વિધાનસભાની ચુંટણીને ધ્યાનમાં રાખી ગુજરાત પોલીસને સાથ અને સહકાર આપી રહી છે.

## કોરોના બાદ પ્રથમ વખત કપલ મેરેથોનનું થયું આયોજન

સુરત, સુરત શહેરના અવધ યુટોપિયા દ્વારા કોરોના કાળ બાદ પ્રથમ વખત કપલ મેરેથોન દોડનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં દોડની સાથે અન્ય મનોરંજક એક્ટિવિટી પણ કરવામાં આવી હતી. આ મેરેથોન દોડમાં એક હજાર જેટલા મેરીડ કપલે ભાગ લીધો હતો. ઋચા ઓગલે અને લક્ષ અરોરાએ જણાવ્યું હતું કે, ક્લબ દ્વારા દરેક મેમ્બરો માટે વિવિધ એક્ટીવિટીનું આયોજન કરવામાં આવતું હોય છે. જેમાં મેરેથોન દોડ પણ સામેલ હોય છે. આ વખતે ત્રીજી વખત કપલ મેરેથોન દોડનું આયોજન કરવામાં આવ્યું હતું. તેમનો ઉત્સાહ વધારવા માટે લાઈવ બેન્ડનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. ત્યારબાદ પાંચ કિમી ફન મેરેથોન દોડ યોજાઈ હતી. દોડ શરૂ થઈ ત્યારથી સમાપન સુધી હેલ્ધી ફૂડ અને રીફ્રેશમેન્ટની પણ વ્યવસ્થા પુરી પાડવામાં આવી હતી. પ્રતિક ઉંઘાડે જણાવ્યું હતું કે, અવધ યુટોપિયા ક્લબ દ્વારા પોતાના મેમ્બર્સ માટે વર્ષ દરમિયાન ફિટનેસ અને વેલનેસ સંબધિત વિવિધ એક્ટિવિટી કરવામાં આવે છે. જેમાં યુટોપિયા ક્રિકેટ લીગ, મેરેથોન, મ્યુઝિકલ કોન્સર્ટ વગેરેનો સમાવેશ થાય છે.

## દે.બારીયા સમડી સર્કલ પાસે પાણીની મેન પાઈપમાં લીકેજનું સમારકાર્ય કરવા માટે એક સપ્તાહથી ખાડો ખોદીને મૂકી રાખતાં હાલાકી



તસ્વીર : મો.હુસૈન મકરાણી, દે.બારીઆ

દે.બારીયા, દે.બારીયા નગર પાલિકાના પાણી પુરવઠા વિભાગના દ્વારા છેલ્લા એક સપ્તાહથી પાઈપ લીકેજના સમારકાર્ય કરવા માટે મસમોટો ખાડો ખોદીને રાખી મુકતા અવરજવર કરતી આમ જનતાને હાલાકી વેઠવાનો વારો આવ્યો છે. તેમજ આસપાસ બે ખાનગી હોસ્પિટલો આવેલ હોવાથી દર્દીઓને હાલાકી વેઠવી પડે છે. શહેરના મુખ્ય રસ્તાના ચાર રસ્તાની ચોકડી હોવાથી ટ્રાફિકની સમસ્યા વધુ માથાનો દુઃખાવો બની છે. જે ખાડો પાઈપના સમારકાર્ય માટે ખોદી રાખ્યો છે. તે ૧૦ થી ૧૫ ફુટ ઉંડો છે. તે ખાડાની આસપાસ કોઈ જ પ્રકારનો ચેતવણી બોર્ડ અથવા સમારકાર્યની રીબીનની આડ અસર પણ રાખી નથી. જેથી વાહન ચાલકો અથવા ફુટપાથ ઉપર ચાલતા વટે માર્ગોને આની ચેતવણી થાય નગર પાલિકાનું પાણી પુરવઠા શાખાના કર્મીઓ અગાઉ પણ આ પાઈપ લીકેજનું કાર્ય કરવા માટે ખાડો ખોદીને સરકારી ગ્રાન્ટના હજારો રૂપીયા વાપરી બીલો બનાવીને ખર્ચે પાડીયા હતા. જેને એકમાસ પણ થયો નથી. ફરી બીજીવાર આ મેન પાઈપનું લીકેજનું કાર્યની બીલ બનશે અને દુર્ઘટના થશે ત્યારે નગર પાલિકામાં કોઈ ખાબકશે અને દુર્ઘટના થશે. ત્યારે નગર પાલિકા જાગશે કે પછી દુર્ઘટના થતા પહેલા આ મસમોટો ખાડો પુરવા માટે કાર્ય હાથ ધરવામાં આવે તેવી આમ જનતાની માંગ ઉઠવા પામી છે.

## રાજકોટમાં ગુંદાળા પાટીયા નજીક ટ્રકમાંથી વિદેશી દારૂનો જંગી જથ્થો ઝડપાયો

રાજકોટ, ગુજરાતની ચૂંટણીમાં મતદાનની તારીખ નજીક આવી રહી છે તેમ તેમ બિનહિસાબી નાણા અને દારૂનો જથ્થો મોટી સંખ્યામાં ઝડપાઈ રહ્યો છે. સુરતમાં લાખોની કેશ ઝડપાઈ હોવાના અહેવાલ બાદ રાજકોટમાં એરપોર્ટ પોલીસે મોટી કાર્યવાહી કરતા ગુંદાળા પાટીયા નજીકથી ૪૪૯ પેટી વિદેશી દારૂનો જથ્થો ઝડપી પાડ્યો હતો. પોલીસે કુલ ૫,૩૮૮ બોટલ વિદેશી દારૂનો જથ્થો પકડ્યો હતો અને કુલ રૂ.૩૧ લાખના મુદ્દામાલ સાથે ટ્રક ડ્રાઈવરની ધરપકડ કરવામાં આવી હતી તેમજ તેની પૂછપરછ હાથ ધરવામાં આવી છે. આ અંગેની પ્રાપ્ત વિગતો અનુસાર એરપોર્ટ પોલીસ સ્ટેશનના પોલીસ કર્મીઓ બામણબોર ચેક પો.સ્ટથી આગળ ગુંદાળા ગામના પાટીયા ખાતે વાહન ચેકીગમાં હતા તે દરમ્યાન પો.કોન્સ મહાવીરસિંહ ચુડાસમાને ચોક્કસ બાતમી મળી હતી કે અમદાવાદ-રાજકોટ નેશનલ હાઈવે રોડ ગુંદાળા ગામના પાટીયા પાસે આરોપી સાગારામ મુલારામ કડવાસરા ટ્રકમાં વિદેશી દારૂની હેરાફેરી કરશે. જેને પગલે પોલીસે ઘટના સ્થળે વોચ ગોઠવી હતી. જ્યાં ટ્રક પસાર થતા પોલીસે તેને અટકાવ્યો હતો. જેમાં મૂળ રાજસ્થાનનો વતની ટ્રક ડ્રાઈવર સાગારામ મુલારામ કડવાસરા મળી આવ્યો હતો અને પોલીસ દ્વારા ટ્રકની તલાશી લેતા તેમાં વિદેશી દારૂ ભરેલી ૪૪૯ પેટી મળી આવી હતી જેમાં અલગ અલગ કંપનીઓની વિદેશી દારૂની ૫,૩૮૮ બોટલનો જથ્થો ઝડપાયો હતો. હાલ પોલીસે ટ્રક અને દારૂ સહિતના રૂ.૩૧ લાખના મુદ્દામાલ સાથે ટ્રક ડ્રાઈવરની ધરપકડ કરીને કાયદેસર ની કાર્યવાહી હાથ ધરી છે.

## ઝાલોદના થેરકા ગામે ત્રણ માસથી ટીસીના અભાવે ખેડુતોને પરેશાની

ઝાલોદ, થેરકા ગામના માળ ફળિયામાં ઉદ્વહન સિંચાઈ પાઈપલાઈન ઉપરની વીજ કનેકશનની ટી.સી. અજાણ્યા ચોરો દ્વારા તોડીને અંદરના સરસામાનની ચોરી કરવામાં આવી હતી. ખેડુતો દ્વારા પોલીસ અને એમજીવીસીએલમાં લેખિત જાણ કરવામાં આવી હતી. રજુઆત કરવા છતાં પણ એમજીવીસીએલ તંત્ર દ્વારા ૩ માસથી ટી.સી.નાંખવામાં ન આવતા ખેડુતોની પાક માટેની પિયતની કામગીરી અટકી પડી છે. હાલમાં શિયાળુ પાકની સીઝન ચાલી રહી છે. જેથી ખેડુતો દ્વારા ખેતરમાં પિયત સહિતની કામગીરી કરાઈ છે. ત્યારે સિંચાઈ પાઈપલાઈન વીજ કનેકશનની ટી.સી.ન નંખાતા ખેડુતોને હાલાકી ભોગવવી પડી રહી છે. તેમજ આ ગંભીર મામલે પોલીસ વિભાગ અને એમજીવીસીએલને લેખિત/મૌખિક જાણ કરવા છતાં પણ કોઈપણ પ્રકારની કાર્યવાહી હાથ ધરવામાં ન આવતા ખેડુતોમાં ભારે રોષની લાગણી જોવા મળી હતી. સાથે ટી.સી.રિપેર કરીને ચાલુ કરવા માટે અનેકવાર કચેરીના ધરમધક્કા ખાવા છતાં પણ ઝાલોદ એમજીવીસીએલ કચેરીના અધિકારીઓ દ્વારા સંતોષકારક જવાબ કે કામગીરી કરવામાં ન આવતા ખેડુતોને પાક લેવામાં મુશ્કેલીનો સામનો કરવો પડે તેમ છે. ત્રણ માસ થયા હોવા છતાં પણ નવી ટી.સી.નાંખવાની કાર્યવાહીને ધ્યાને ન લેતા પાક નિષ્ફળ જવાની ભિતી સર્જાઈ છે.

## દાહોદના ઈન્દોર હાઈવે અજાણ્યા વાહનની અડફેટમાં વૃધ્ધાનું મોત

દાહોદ, દાહોદ શહેરમાંથી પસાર થતાં ઈન્દૌર હાઈવે રોડ પર એક અજાણ્યા વાહનના ચાલકે એક રાહદારી વૃધ્ધાને અડફેટમાં લેતાં વૃધ્ધાને શરીરે ગંભીર ઈજાઓ પહોંચતાં મોત નીપજ્યાંનું જાણવા મળે છે. ગત તા.૨૧મી નવેમ્બરના રોજ દાહોદ શહેરના ગારખાયા વિસ્તારમાં મંદિરવાળી ગલીમાં રહેતાં મંગળીબેન પાંગળાભાઈ મિનામા દાહોદ શહેરમાંથી પસાર થતાં ઈન્દૌર રોડ પરથી ચાલતાં પસાર થઈ રહ્યાં હતા. તે સમયે એક અજાણ્યા વાહનના ચાલકે મંગળીબેનને અડફેટમાં લેતાં મંગળીબેનને હાથે, પગે, શરીરે તેમજ માથાના ભાગે ગંભીર જીવલેણ ઈજાઓ પહોંચતાં મંગળીબેનનું મોત નીપજ્યું હતું. આ સંબંધે મૃતક મંગળીબેનના પૌત્ર હિતેશભાઈ સુકલાભાઈ મિનામાએ દાહોદ એ. ડિવીઝન પોલીસ મથકે ફરિયાદ નોંધાંવતાં પોલીસે ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

## ફતેપુરાના ઢંઢેલા ગામે ચાંદલાવિધીમાં પૈસા ઓછા પડતા ચાર ઈસમોએ મારમારી ઈજાઓ કરતાં ફરિયાદ

દાહોદ, દાહોદ જિલ્લાના ફતેપુરા તાલુકાના ઢઢેલા ગામે ચાંદલાવિધીના પૈસા ઓછા પડવા બાબતે ચાર ઈસમોએ ભેગા મળી બે જણાને લાકડી વડે તેમજ ગડદાપાટ્ટુનો માર મારી શરીરે ઈજાઓ પહોંચાડી મારી નાંખવાની ધમકી આપતાં પોલીસમાં ફરિયાદ નોંધાંવવા પામી છે.

ગત તા.૨૧મી નવેમ્બરના રોજ ફતેપુરા તાલુકાના ઢઢેલા ગામે સ્ટેશન ફળિયામાં રહેતાં વિનોદભાઈ વીરાભાઈ પારગી તથા તેમની સાથે અનીલભાઈ એમ બંન્ને જણા ગામમાં ચાંદલા વિધી હોય ચાંદલાવિધીમાં ગયાં હતા. ત્યાં અનીલ ચાંદલાવિધીના પૈસા ગણતાં હતા, જ્યાં પૈસાની ગણતરીમાં ૪૦૦૦ રૂપીયા ઓછા પડતાં ગામમાં રહેતાં ઈનેશભાઈ વિરાભાઈ પારગી, સતીશભાઈ બચુભાઈ પારગી, નીલેશભાઈ દિનેશભાઈ પારગી અને દિનેશભાઈ વિરાભાઈ પારગીનાઓએ વિનોદભાઈ અને અનીલભાઈને બેફામ ગાળો બોલી કહેવા લાગેલ કે, તમો ચાંદલાવિધીના ૪,૦૦૦ રૂપીયા ખાઈ ગયાં છો, તેમ કહી એકદમ ઉશ્કેરાઈ જઈ વિનોદભાઈને અને અનીલભાઈને લાકડી વડે તેમજ ગડદાપાટ્ટુનો માર મારી શરીરે, હાથે પગે તેમજ માથાના ભાગે ઈજાઓ પહોંચાડી મારી નાંખવાની ધમકી આપી હતી.

આ સંબંધે ઈજાગ્રસ્ત વિનોદભાઈ વીરાભાઈ પારગીએ ફતેપુરા પોલીસ મથકે ફરિયાદ નોંધાંવતાં પોલીસે ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

Published by Karan Ajaykumar Panchal for the owner Panchmahal Samachar From Bandibarno Khancho, Talav Road, Godhra & Printed by him at Panchmahal Press, Bandibarno Khancho, Talav Road, Godhra-389 001 (Gujarat) Phone. 02672 - 243351 Website : www. panchmahalsamachar.com Editor : Karan Ajaykumar Panchal -Responsible for selection of news under PRB Act. Vol. 26, No.79

# ગોધરા કલેક્ટર કચેરી બહાર ધરણા કરતાં આદિવાસી સમાજના લોકોનું આવેદન જીલ્લા કલેક્ટરે સ્વીકારી કાર્યવાહીની ખાત્રી આપી



ગોધરા,
શહેરા તાલુકાના ભુરખલ ગામે આદિવાસી સમાજના વ્યકિત ઉપર ભરવાડ સમાજના વ્યકિત દ્વારા હુમલો કર્યો હતો. આદિવાસી સમાજના વ્યકિત ઉપર થયેલ હુમલાના બનાવમાં કાર્યવાહી કરવા માટે જીલ્લા કલેક્ટર કચેરી ખાતે રેલી સ્વરૂપે આદિવાસી સમાજ પહોંચી જીલ્લા કલેક્ટરે આવેદન ન સ્વીકારવામાં આવતાં કલેક્ટર કચેરીએ ધરણા ઉપર ઉતર્યા હતા. આજરોજ જીલ્લા કલેક્ટર દ્વારા કલેક્ટરે આવેદન સ્વીકારી કાર્યવાહીની ખાતરી સાથે નાયબ પોલીસવડાએ મારામારીના કિસ્સામાં કાર્યવાહી કરવાની ખાતરી અપાઈ હતી.

શહેરા તાલુકાના ભુરખલ ગામે આદિવાસી સમાજના દંપતિ ઉપર ભરવાડ સમાજના ઈસમો દ્વારા હુમલો કરવામાં આવ્યો હતો. ભુરખલ ગામે ગર્ભવતી મહિલા અને પતિ ઉપર હુમલાના કિસ્સામાં ઈસમો સામે શહેરા પોલીસ દ્વારા કાર્યવાહી નહિ કરતા આદિવાસી સમાજના લોકો ગોધરા જીલ્લા કલેક્ટર કચેરી ખાતે આવેદન આપવા માટે પહોંચ્યા હતા અને જીલ્લા કલેક્ટરને આવેદન લેવાનો આગ્રહ સાથે કલેક્ટર કચેરીમાં ચક્કાજામ કર્યા હતા અને જીલ્લા કલેક્ટર દ્વારા આદિવાસી સમાજના લોકોની પીડા નહિ સમજી આવેદન નહી લેતા જીલ્લા કલેક્ટર કચેરી બહાર ધરણાં ઉપર બેઠા હતા. આખરે ત્રીજા દિવસે પંચમહાલ જીલ્લા કલેક્ટર દ્વારા આદિવાસી સમાજના લોકોનું આવેદનપત્ર સ્વીકારીને કાર્યવાહીની ખાતરી આપી હતી. સાથે જીલ્લા નાયબ પોલીસવડા એ આદિવાસી સમાજના આગેવાનોને મારામારીના કિસ્સામાં ઈસમો સામે યોગ્ય કાર્યવાહીની ખાતરી આપવામાં આવી છે. તેમ છતાં આદિવાસી સમાજના લોકોએ આંદોલન હજી ચાલુ રાખ્યું છે.

## હાલોલ ખાનગી સરસ્વતી સ્કુલમાં

# મેનેજમેન્ટની કામગીરી સંભાળતા સરકારી શાળાના શિક્ષકો સામે માત્ર તપાસનું નાટક કરી આખા પ્રકરણને દબાવાના પ્રયાસો

હાલોલ,
સરકારી પ્રાથમિક શાળા અભેટવાનાં પ્રાથમિક શિક્ષક ગુણવંત પટેલ તથા વિઠ્ઠલપુરા પ્રાથમિક શાળાના શિક્ષક વીરેન જોશીએ છેલ્લા છ મહિનાથી પોતાની સરકારી શાળાની નોકરી લાખો રૂપિયાનો પગાર લઈ કરતા ન હોય અને હાલોલની ખાનગી શાળા સરસ્વતી વિદ્યામંદિરનાં મેનેજમેન્ટની કામગીરી પોતાની પત્નીઓના નામે ૫૦ ટકાના કરાર કરીને કરી રહેલ છે. જેની પંચમહાલ સમાચારએ સીલસીલાબંધ વિગતો પ્રકાશિત કરતાં રાજ્ય શિક્ષણ વિભાગની સુચનાથી જીલ્લા શિક્ષણાધિકારી હરકતમાં આવતા તાત્કાલિક તપાસ કરવાની કાર્યવાહી કરેલ તથા પ્રાથમિક શિક્ષકોના અને ટ્રસ્ટીઓનાં જવાબો લેવામાં આવેલ, પરંતુ અમોને આધારભૂત રીતે જાણવા મળેલ છે કે આ પ્રાથમિક શિક્ષકો (૧) ગુણવંત પટેલ (૨) વીરેન જોશી લુણાવાડાના શિક્ષણ સંઘનાં તથા રાજકીય વગ ધરાવતા હોઈ તેના જોરે હાલમાં પણ આ સરસ્વતી વિદ્યામંદિર ખાનગી શાળામાં મેનેજમેન્ટની કામગીરી વિનોદરાવ જેવા કડક શિક્ષણ સચિવનો ડર રાખ્યા વિના બિન્દાસ્ત પણે હાલમાં પણ આ શાળામાં પોતાના એજન્ટ શિક્ષક કે જે બી.એડ.ની લાયકાત પણ ધરાવતા નથી. તેને ગુજરાતી માધ્યમનો પ્રિન્સીપાલ બનાવેલ છે. તેના દ્વારા હાલમાં પણ ખાનગી સ્કુલના રેકર્ડ, જી.આર., પગાર, રોજે રોજના પીરીયડ ટાઈમ ટેબલ તથા એકે એક બાબતોનું રેકર્ડ સ્કુલની બહાર વીરેન જોશીના ઘરે લઈ જઈને ઘરેથી તેમના એજન્ટ શિક્ષક જીગ્નેશ પટેલ દ્વારા સ્કુલ મેનેજમેન્ટની ગેરકાયદેસર કામગીરી હાલમાં પણ વીના રોક ટોક ટ્રસ્ટીઓના મેળાપીપણાંથી ખાનગી સ્કુલ મેનેજમેન્ટની કામગીરી (૧) ગુણવંત પટેલ, પ્રાથમિક શિક્ષક–અભેટવા (૨) વીરેન જોશી, પ્રાથમિક શિક્ષક–વિઠ્ઠલપુરા કરી રહેલ છે. જે ખુબજ ચોકાવનારી તથા તાલુકા જીલ્લામાં શિક્ષણનું સ્તર કેટલું ખાડે ગયેલ છે. તેનો જીવતો જાગતો પુરાવો છે તથા એવું લાગી રહ્યું છે કે ટ્રસ્ટીઓએ પણ આ શિક્ષકોને બચાવવાના નિવેદન આપેલ છે અને પ્રાથમિક શિક્ષણાધિકારીની કચેરી પણ તપાસનું નાટક કરીને આ દોષિત પ્રાથમિક શિક્ષકોને બચાવીને આ આખા પ્રકરણનું ભીનું સંકેલવાની કાર્યવાહી કરવાનું ચિત્ર ઉપસ્યું છે. જે ખુબજ ગંભીર બાબત છે.

# ગોધરા વિધાનસભા બેઠકના AIMIMના ઉમેદવારના પ્રચાર માટે ઔવેસીએ સભાને સંબોધી



ગોધરા,
ગોધરા વિધાનસભા બેઠક ઉપર એ.આઈ.એમ.આઈ.એમ.ના ઉમેદવારના પ્રચાર માટે ઔવેસી ગોધરા વ્હોરા ગ્રાઉન્ડ ખાતે જાહેર સભા સંબોધી ઉમેદવારને વિજેતા બનાવવા આહવાન કર્યું.

ગોધરા વિધાનસભા બેઠક ઉપર એ.આઈ.એમ.આઈ.એમ.ના ઉમેદવાર મુફ્તી હશન કાચબા એ ઉમેદવારી કરી છે. ત્યારે પક્ષના ઉમેદવાર માટે જાહેર સભા સંબોધવા માટે એ.આઈ.એમ.આઈ.એમ.ના ઔવેસી ગોધરાના વ્હોરા ગ્રાઉન્ડ ખાતે આવ્યા હતા. ઔવેસીની જાહેર સભામાં મોટી સંખ્યામાં જનમેદની ઉમટી હતી. ઔવેસી દ્વારા ગોધરા વિધાનસભા બેઠક ઉપર ઉમેદવાર મુફતી હશન કાચબાને મત આપવા માટે આહવાન કર્યું હતું. સાથે ભાજપ, કોંગ્રેસ અને આમ આદમી પાર્ટી ઉપર આક્રા પ્રહાર કર્યા હતા.

# આગામી વિધાનસભા ચૂંટણી સંદર્ભે ગોધરા BRGF હોલ ખાતે ઓબ્ઝર્વરઓની હાજરીમાં માઈક્રો ઓબ્ઝર્વરોને તાલીમ આપવામાં આવી



ગોધરા,
ગોધરા સ્થિત બી.આર.જી.એફ હોલ ખાતે પંચમહાલ જિલ્લામાં ચૂંટણીલક્ષી નિમાયેલા ઓબ્ઝર્વરઓની હાજરીમાં જિલ્લા ચૂંટણી તંત્ર દ્વારા માઈક્રો ઓબ્ઝર્વરોને તાલીમ આપવામાં આવી હતી. આ તાલીમમાં નાયબ જિલ્લા ચૂંટણી અધિકારી નેહા ગુપ્તાએ,મતદાન મથક પરની મતદાનની સંપૂર્ણ પ્રક્રિયા પર દેખરેખ રાખવા તેમજ આગામી દિવસોમાં ચૂંટણી પ્રક્રિયા સુચારૂ, શાંતિપૂર્ણ અને સુવ્યવસ્થિત રીતે પરિપૂર્ણ કરવામાં આવે, તે માટે માઈક્રો ઓબ્ઝર્વર તરીકેની ફરજો–કામગીરી અંગે વિસ્તૃત સમજણ આપી હતી.

આ તાલીમમાં જનરલ ઓબ્ઝર્વર શક્તિસિંહ રાઠોર, દેબાજ્યોતિ દત્તાએ ઉપસ્થિત રહી, પ્રશ્નોત્તરી દ્વારા માઈક્રો ઓબ્ઝર્વરોને સોંપવામાં આવેલી કામગીરી વિશે વધુ માર્ગદર્શન પૂરૂં પાડ્યું હતું.

# કોમર્સ કોલેજ ગોધરાના NSSના વિદ્યાર્થીઓ દ્વારા એન્ટી રેગિંગ જાગૃતિ કાર્યક્રમ યોજાયો



ગોધરા,
શ્રી સાર્વજનિક કોમર્સ કોલેજ ગોધરાના એનએસએસ દ્વારા એન્ટીરેગિંગ અવેરનેસ પ્રોગ્રામ કોલેજના યુવા વિદ્યાર્થીઓ દ્વારા યોજવામાં આવ્યો હતો. આ પ્રસંગે કોલેજના વિદ્યાર્થીઓએ વિવિધ બેનરોનું પ્રેઝન્ટેશન કરી રેગીંગ અંગે વિદ્યાર્થીઓને માહિતગાર કર્યા હતા તથા કોલેજમાં એન્ટીરેગિંગ સમિતિની જે રચના કરેલી છે. તેના દ્વારા જો કોઈ વ્યક્તિ પકડાશે તો એને કઈ કઈ સજા થઈ શકે છે. તેની વિસ્તૃત જાણકારી પણ આપવામાં આવી હતી. સમગ્ર કાર્યક્રમનું આયોજન અને સંચાલન એનએસએસના પીઓ ડો. અરૂણસિંહ સોલંકી દ્વારા કરવામાં આવ્યું હતું.

# કાલોલ પાલિકાના વોર્ડ નં.૬ના કસ્બા વિસ્તારમાં પીવાનું ગંદુ પાણી આવતા સ્થાનિકોમાં રોષ

કાલોલ,
કાલોલ નગરપાલિકાના વોર્ડ નં.–૬માં આવેલા કસ્બા વિસ્તારમાં છેલ્લા કેટલાક સમયથી પીવાના પાણીની પાઈપલાઈનથી ગંદુ પાણી આવતુ હોવાથી સ્થાનિક રહિશોમાં ભારે રોષ જોવા મળ્યો છે. અને દુર્ગંધ મારતા પાણીનો પીવામાં કે ઘરવપરાશમાં પણ ઉપયોગમાં લઈ શકાતુ નથી. આ અંગે પાલિકાને વારંવાર ટેલિફોનીક રજુઆત/જાણ કરવામાં આવી હોવા છતાં પણ પાલિકા દ્વારા કામગીરી કરવાની જગ્યાએ આંખ આડા કાન કરવામાં આવી રહ્યા છે. તથા સ્થાનિક કોર્પોરેટરને પણ મૌખિક અને ટેલિફોનીક જાણ કરવા છતાં પણ તેમના દ્વારા કોઈ કાર્યવાહી કરવામાં આવી નથી. આવા ગંદા પાણીનો ઉપયોગ કરવાથી વિસ્તારમાં પાણીજન્ય રોગચાળો ફાટી નીકળવાની દહેશત સેવાઈ રહી છે. પાલિકા કે કોર્પોરેટર દ્વારા કોઈ કાર્યવાહી ન કરાતા મહિલાઓ દ્વારા ગંદા પાણીની કુંડીઓ મીડીયા સમક્ષ બતાવી પાલિકા સામે ઉગ્ર આક્રોશ ઠાલવ્યો હતો. અને પાલિકા દ્વારા પાણીની લાઈનમાં આવતા ગંદા પાણીની સમસ્યાનુ નિરાકરણ લાવવા માંગ કરી હતી.

# ગોધરા ભુખરીની વાડી શિકારી મહોલ્લામાં રહેતી પરણિતાને કાપી છે તેમ કહી ત્રણ તલાક આપી દેતાં ફરિયાદ

ગોધરા,
ગોધરા ભુખરીની વાડી અશરફી મસ્જીદ પાસે શિકારી મહોલ્લાની પરણિતાને પતિ અને સાસરીયાની ચઢામણીથી ગાળો આપી ગડદાપાટુનો મારમારી તું કાળી છે. અમારે બીજી બૈરી લાગવાની તેમ કહી માનસીક ત્રાસ આપી ત્રણ તલાક આપી ગુન્હો કર્યાની ફરિયાદ ગોધરા મહિલા પોલીસ મથકે નોંધાવા પામ્યો છે.

પ્રાપ્ત વિગતો મુજબ ગોધરા તાલુકાના ભુખરીની વાડી શિકારી મહોલ્લાની પરણિતા સફીયા યુનુસ એહમદ સીદ્દીક ભાગલીયાને તેમના પતિ યુનુસ ભાગલીયા અને રજીયા સીદ્દીક ભાગલીયા, ઈમર ફારૂક સીદ્દીક ભાગલીયા, આયશા સીદ્દીક ભાગલીયાની ચઢામણીથી સફીયાબેનને કોઈપણ વાંક વગર ગાળો આપી ગડદાપાટુનો મારમારી કહેલ કે, તું કાળી છે મને ગમતી નથી. મારે બીજી બૈરી લાવવાની છે. તેમ કહી શારીરિક માનસીક ત્રાસ આપી અને સફીયાબેનના પતિએ તારે તારી બૈરીને ઘરમાં લાવવાની નથી. તેને બીજી બૈરી કરાવી આપીશું. તેવી ચડામણી કરતાં યુનુસ અહેમદ ભાગલીયાએ ત્રણ તલાક આપી ગુન્હો કર્યાની ફરિયાદ ગોધરા મહિલા પોલીસ મથકે ફરિયાદ નોંધાવા પામી છે.

# કાલોલના નાંદરખા ગામે ગામની સીમમાં કુવામાં ખાબકેલ દિપડાનું રેસ્કયુ કરવાની કામગીરી હાથ ધરાઈ

કાલોલ,
કાલોલ તાલુકાના નાંદરખા ગામની સીમમાં આવેલા એક ખેડુતના કુવામાં દિપડો પડી જતાં વનવિભાગની ટીમ દ્વારા રેસ્કયુ કરવાની કામગીરી હાથ ધરવામાં આવી હતી.

નાંદરખા ગામના હનુમાનજી મંદિર વિસ્તારના સીમાડામાં આવેલા એક ખેડુતોના કુવામાંથી અંદર પડેલા કોઈ જંગલી પશુના બરાડવાનો અવાજ આવતા કુવામાં જોતા અંદર એક દિપડો હોવાની જાણ થઈ હતી. કુવામાં પડી ગયેલા દિપડાને જોવા માટે લોકટોળા ઉમટી પડ્યા હતા. નાંદરખા ગામની સીમને જોડતુ જંગલ છે. જેથી કુવામાં દિપડો પડી ગયો હોવાની ઘટના અંગે ગ્રામજનો વેજલપુર સ્થિત વનવિભાગને જાણ કરતા વનવિભાગની ટીમ ઘટના સ્થળે આવી પહોંચી હતી. જયાં વનવિભાગની ટીમ દ્વારા કુવાની ઉંડાઈનુ અને દિપડાની સ્થિતિ અંગે અવલોકન કરી જરૂરી સાધન સામગ્રી સાથે કુવામાં પાંજરૂ ઉતારીને દિપડાને સલામત રીતે બહાર કાઢવાની બચાવ કામગીરી હાથ ધરી હતી. દિપડાને સલામત રીતે બહાર કાઢવાના સમગ્ર રેસ્કયુ ઓપરેશન દરમિયાન વનવિભાગની ટીમ દ્વારા ત્રણ/ચાર કલાકની ભારે ભારે જહેમતભરી રીતે દિપડાને પાંજરામાં પુરવાની કામગીરી હાથ ધરી હતી. તેમ છતાં કુવામાં પાણી હોવાથી અંદરના ભાગમાં આવેલા ખડકની ધાર પર દિપડો ચઢી જતાં પાંજરામાં આવી શકયો ન હતો. જેથી બચાવ કામગીરી સાંજ પડવા સુધી ચાલી હતી.

# ઘોઘંબાના નાથપુરા ગામે ખેતરમાં વાવેલ લીલા ગાંજાનો ૧૨ કિ.ગ્રા.ના જથ્થા સાથે ઈસમ ઝડપાયો

ગોધરા,
પંચમહાલ એસ.ઓ.જી.પોલીસ દ્વારા ઘોઘંબા તાલુકાના નાથપુરા ગામે ખેતરમાં ઉગાડેલા લીલા ગાંજાના છોડ (૧૨ કિ.ગ્રા.)જેની કિ.રૂ.૧.૨૦ લાખ ઉપરાંતના મુદ્દામાલ સાથે એક આરોપીને ઝડપી પાડી વધુ કાર્યવાહી હાથ ધરી હતી.

પંચમહાલ એસ.ઓ.જી.પોલીસ ઈન્સ્પેક્ટરને ખાનગી બાતમીદાર દ્વારા ચોક્કસ બાતમી મળી હતી કે, ઘોઘંબા તાલુકાના નાથપુરા ગામે પુંજારીયા ફળિયામાં રહેતા ગણપત ઉધિયાભાઈ રાઠવાના કબ્જાવાળા ખેતરમાં બનાવેલા રહેણાંક ઘર પાસે ગાંજાના છોડ ઉગાડવામાં આવ્યા છે. પોલીસ દ્વારા આરોપીને સાથે રાખી બાતમી મુજબના ખેતરમાં તપાસ હાથ ધરતા છાપરાના પાછળના ભાગે લીલા ગાંજાના વનસ્પતિજન્ય કુલ ૪ છોડ મળી આવ્યા હતા. પોલીસ દ્વારા છોડનુ વજન કરાતા ૧૨ કિ.ગ્રા.થવા પામ્યુ હતુ. જેની કિ.રૂ.૧.૨૦ લાખ ઉપરાંતની થતી હોય પોલીસે આરોપીને ઝડપી પાડી તેની વિરુદ્ધ રાજગઢ પોલીસ મથકે એ.ડી.પી.એસ.મુજબનો ગુનો રજીસ્ટર કરવામાં આવ્યો હતો.

# ગોધરાના ટીમ્બા ગામની ૨૩ વર્ષીય મહિલા ૪ વર્ષના પુત્ર સાથે ઘરેથી નિકળી ક્યાંક ચાલી જતાં ફરિયાદ

ગોધરા,
ગોધરા તાલુકાના ટીમ્બા ગામ થાણાવાળું ફળીયામાં રહેતી ૨૩ વર્ષીય મહિલા તા.૧૦ નવેમ્બરના રોજ ૪ વર્ષીય પુત્ર સાથે ઘરેથી ક્યાંક નિકળી ગયેલ હોય આ બાબતે કાંકણપુર પોલીસ મથકે ફરિયાદ નોધાવા પામી છે.

પ્રાપ્ત વિગતો મુજબ ગોધરા તાલુકાના ટીમ્બા ગામે થાણાવાળું ફળીયામાં રહેતા સવિતાબેન રમેશભાઈ બારીયા ઉ.વ.૩, મિત્રાજકુમાર રમેશભાઈ ઉ.વ.૪ વર્ષ ૫ માસ સાથે તા.૧૦ નવેમ્બરના રોજ પોતાના ઘરેથી બપોરના ૧૨ વાગ્યાની આસપાસ ઘરેથી ક્યાંક નિકળીને ગુમ થયેલ હોય આ બાબતે કાંકણપુર પોલીસ મથકે રમેશભાઈ મનુભાઈ બારીયાએ ફરિયાદ નોંધાવતા પોલીસે ગુન્હો નોંધી તપાસ હાથ ધરી છે.

# વાઘોડિયા-ડભોઈ રિંગ રોડ પર એક સોસાયટીમાં ૧૨ લાખની મત્તા ચોરી કરીને તસ્કરો ફરાર

વડોદરા,
વડોદરા શહેરના વાઘોડિયા ડભોઈ રિંગ રોડ પર આવેલી વૈષ્ણવ કુટીર સોસાયટીમાં ત્રાટકેલ અજાણ્યા તસ્કરો ધોળા દિવસે ગણતરીની મિનિટોમાં સોના-ચાંદીના ઘરેણા અને રોકડ રકમ સહિત લાખોની ચોરી કરી ફરાર થઈ જતા ચકચાર મચી ગઈ છે. વડોદરા શહેરમાં દિન પ્રતિદિન તસ્કરો ચોરીની ઘટનાને અંજામ આપી પોલીસ પેટ્રોલિંગ સામે પડકાર ફેંકી રહ્યા છે. બેખોફ તસ્કરો હવે ધોળા દિવસે પણ ચોરીની ઘટનાને અંજામ આપતા ખચકાતા નથી. વડોદરા શહેરના વાઘોડિયા ડભોઈ રિંગ રોડ ખાતે આવેલી વૈષ્ણવ કુટીર સોસાયટીમાં રહેતા હર્ષદકુમાર સોલંકી ખાનગી કંપનીમાં નોકરી કરે છે. જ્યારે તેમની પત્ની શિક્ષિકા તરીકેની ફરજ બજાવે છે. સાંજે દંપતિ જોબ પર હતા અને દીકરી કોલેજ જવા માટે નીકળી હતી. અજાણ્યા તસ્કરો બંધ મકાનનો લાભ ઉઠાવી માત્ર ૨૦ મિનિટના સમયગાળામાં અંદાજે ૧૫ તોલા સોનું, અઢી કિલો ચાંદી અને રોકડા ૧૨ હજાર સહિત ૧૨ લાખ ઉપરાંતની મત્તા ચોરી નાસી છૂટ્યા હતા. આ બનાવની જાણ થતાં વાડી પોલીસ મથકનો કાફલો ઘટના સ્થળે દોડી ગયો હતો. પોલીસે ફરિયાદના આધારે તસ્કરો વિરુદ્ધ ચોરીનો ગુનો નોધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. મકાન માલિક કલ્પનાબેન સોલંકીએ જણાવ્યું હતું કે, મારી દીકરી ટ્યુશન સાંજે ટ્યુશન જવા નીકળી હતી અને દીકરો ઘરે આવ્યો, તેની વચ્ચે જ ઘરમાં ચોરી થઈ છે. થોડા દિવસ પહેલા ઘરમાં લગ્ન હોવાથી ચાંદી ખરીદી હતી. તે પણ ચોરાઈ ગઈ છે. મકાન માલિક હર્ષદકુમાર સોલંકીએ જણાવ્યું હતું કે, તસ્કરોએ ઘરમાં ઘૂસીને સોના-ચાંદી સહિતનો તમામ સામાન ચોરીને ફરાર થઈ ગયા હતા. ડોગ સ્કવોડે આવીને કામગીરી શરૂ કરી છે. તસ્કરો બારીમાંથી ઘરમાં ઘુસ્યા હતા અને બેડરૂમમાં રાખેલી તિજોરીમાંથી ચોરી કરીને તસ્કરો ભાગી ગયા હતા.

# શહેરા તાલુકાના ગ્રામ્ય વિસ્તારોમાં CISFના જવાનોની ફલેગ માર્ચ યોજી



તસ્વીર : તુષાર દરજી, શહેરા

શહેરા,
શહેરામાં વિધાનસભાની ની ચુંટણી ને અનુલક્ષીને ગ્રામ્ય વિસ્તારમાં કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે માટે સી.આઈ.એસ.એફ. ના જવાનો અને સ્થાનિક પોલીસ સાથેની ફલેગ માર્ચ વિવિધ વિસ્તારમાં નીકળી હતી. આ ફલેગ માર્ચ મંગલપુર તેમજ આજુબાજુના ગ્રામ્ય વિસ્તારોમાં ફરીને સીઆઈએસએફના જવાનો ભૌગોલિક પરિસ્થિતિ વાકેફ થયા હતા. જયારે તાલુકાના ગ્રામીણ વિસ્તારના માર્ગ પર ફલેગ માર્ચ યોજાતા પ્રજાજનોમાં કુતુહલ અને આશ્ચર્ય ફેલાયું હતુ.

# દિલ્હીમાં કિક બોક્સિંગની ટુર્નામેન્ટમાં વડોદરાની યુવતીએ ગોલ્ડ મેડલ જીત્યો

વડોદરા,
તાજેતરમાં નવી દિલ્હીના તાલકટોરા સ્ટેડિયમ ખાતે યોજાયેલી ઈન્ડિયન ઓપન ઈન્ટરનેશનલ ટુર્નામેન્ટમાં વડોદરાની કિક બોક્સર મનીષા વાળાએ ગોલ્ડ મેડલ જીત્યો હતો. ભારતીય કિક બોક્સરોની કેટેગરીમાં તેણે ૧૦ પોઈન્ટ મેળવ્યા હતા. આ ટુર્નામેન્ટમાં ઉઝબેકિસ્તાન, જોર્ડન અને સાઉથ કોરિયાના પ્લેયર્સે પણ ભાગ લીધો હતો. મૂળે ગીર સોમનાથ જિલ્લાની મનીષા વાળાએ શરૂઆતમાં કિક બોક્સિંગની ટ્રેનિંગ વડોદરામાં લીધી હતી. ત્યારબાદ ભારતના દાર્જિલિંગ, દિલ્હી જેવા શહેર ઉપરાંત સિરિયા અને જોર્ડનમાં પણ જઈને તાલીમ લીધી છે. એમએસ યુનિવર્સિટીમાંથી ૨૦૧૦માં ગ્રેજ્યુએશન કર્યા બાદ તેણે મુંબઈની તાતા ઈન્સ્ટિટ્યૂટ ઓફ સોસિશલ સાયન્સિસમાંથી મેન્ટલ હેલ્થ વિષય સાથે પોસ્ટ ગ્રેજ્યુએશન કર્યું છે. તાજેતરમાં તેને નારી શક્તિ એવોર્ડ પણ એનાયત કરવામાં આવ્યો છે. મનીષા વાળાએ જણાવ્યું હતું કે, તે સ્કૂલમાં ખોખો-કબડ્ડીની સારી પ્લેયર હતી પણ કબડ્ડીમાં કિક મારતાં કિક અને પંચના કોમ્બિનેશન જેવા કિક બોક્સિંગની મેં વડોદરામાં તાલીમ શરૂ કરી હતી. તે જિમ સહિત કિક બોક્સિંગની દરરોજ ૨૫થી ૩ કલાક પ્રેક્ટિસ કરે છે. કિક બોક્સિંગની આગામી વર્લ્ડ ચેમ્પિયનશિપ માટે હાલમાં તૈયારી કરી રહી છે. તેના મતે હજી ગુજરાતમાં યુવતીઓ અને છોકરીઓ માટે કિક બોક્સિંગ ક્ષેત્રે ઘણી શક્યતાઓ છે. હજી સારા કોચ વધુ ન હોવાથી કોચિંગમાં પણ પ્લેયર સારી કારકિર્દી ઘડી શકે છે. મનીષા હાલોલ ખાતેની એક કંપનીના ટ્રસ્ટમાં ફરજ બજાવે છે.

# પીએમ આવાસ યોજનાનો સર્વેયર 40 હજારની લાંચ લેતા ઝડપાયો

ભુજ,
પ્રધાનમંત્રી આવાસ યોજના અંતર્ગત સહાય મેળવવા સર્વેયર દ્વારા લાંચની માંગણી કરાયાની એક જાગૃત નાગરિકે એસીબીને ફરિયાદ કરી હતી.એસીબીએ છટકું ગોઠવી આરોપીને રૂપિયા ૪૦ હજારની લાંચ લેતા રંગેહાથ ઝડપી લીધો છે. ભુજ નગરપાલિકામાં ફરિયાદીએ પ્રધાનમંત્રી આવાસ યોજના હેઠળ મકાન બનાવવા અરજી કરી હતી.જે કામ રાજ્ય સરકાર દ્વારા કરાર આધારિત ધવલ એન્જિનિયરિંગના નિયત કરેલા સર્વેયર અશ્વિન શાંતીલાલ પટેલને સોપવામાં આવ્યું હતું.જે નગરપાલિકાનો સીધો કર્મચારી ગણાય નહીં. આરોપીએ પીએમ આવાસ યોજના અંતર્ગત મળવા પાત્ર રૂપિયા ૩,૫૦,૦૦૦ ની સહાય મેળવવા ફરીયાદી પાસે રૂપિયા ૪૦ હજારની માંગણી કરી હતી.આ અંગે ફરિયાદીએ એસીબીનો સંપર્ક કરતા આરોપીને પકડી લેવા છટકું ગોઠવવામાં આવ્યું હતું. જેમાં એસીબીએ ભુજના નવા બસસ્ટેન્ડ નજીક આરોપીને રૂપિયા ૪૦ હજારની લાંચ લેતા રંગેહાથ ઝડપી ફરિયાદીને લાંચમાં ગયેલ રકમ પરત અપાવી હતી.બનાવને પગલે એસીબીએ આરોપીને ડીટેઈન કરી આગળની કાર્યવાહી હાથ ધરી છે.